
20th Years ANNIVERSARY
દ્વિદશાબ્દી વર્ષ ૨૦૨૩-૨૪

કલા, કારીગરી અને કૌશલ્યને ઉજાગર કરતું માસિક • 10, December 2023 | ₹ 30

# વિશ્વકર્મા વિશ્વ





વિજેતા-૧ : મિતલકુમાર ઘોરેચા (જામનગર)





વિજેતા-૨ : વિભાબેન ગજ્જર (અમદાવાદ)





વિજેતા-૩ : હેમાક્ષીબેન ધ્રાંગધરિયા (ગોંદીયા-મહારાષ્ટ્ર)

## ‘ઘર રંગોળી’ સ્પર્ધામાં કલાકારોની કલા ઝળકી ઉઠી

# જામનગરના વિશ્વકર્મા મંદિરના નવા અદ્યતન ગેઇટનું જગુભાઇ ભારદીયાના હસ્તે ઉદઘાટન








જામનગરમાં પંચેશ્વર ટાવર પાસે આવેલ શ્રી ગુર્જર સુતાર જ્ઞાતિના વિશ્વકર્મા પ્રભુજી મંદિરનો મુખ્ય ગેઇટ ૬ ફૂટનો હતો. આ ગેઇટના સ્થાને સવા બાર ફૂટ પહોળો અને ૧૫ ફૂટ ઉંચાઇનો જાજરમાન ગેઇટ તૈયાર કરાયો. સ્વ. ખીમજીભાઇ જેરામભાઇ ભારદિયાની સ્મૃતિમાં શ્રી રવિકુમાર ભારદીયા ફાઉન્ડેશન દ્વારા રૂા. ૫ લાખના અનુદાનથી તૈયાર કરાયેલ ગેઇટનું રાજકોટ કન્યા છાત્રાલયના ચેરમેન અને ગુર્જર સુતાર જ્ઞાતિ રાજકોટના પૂર્વ અધ્યક્ષ જગુભાઇ ભારદીયાના હસ્તે ખાતમુહૂર્ત કરવામાં આવ્યા બાદ તેમના જ હસ્તે આ ભવ્ય ગેઇટનું ઉદઘાટન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે રાજકોટ કન્યા છાત્રાલયના ટ્રસ્ટી મગનભાઇ બોરાણીયા, ધનજીભાઇ પંચાસરા, રાજકોટ ગુ.સુ. જ્ઞાતિના પ્રમુખ રસીકભાઇ બદ્રકિયા, જામનગરના પ્રમુખ રમણીકભાઇ ગોરેચા, ટ્રસ્ટી દિલીપભાઇ ભારદીયા અન્ય હોદ્દેદારો અને આમંત્રિતો ઉપસ્થિત રહયા હતા. આ પ્રસંગે જગુભાઇ ભારદીયાનું જ્ઞાતિ દ્વારા સન્માન કરાયું હતું.

૮૫ વર્ષ જુના ગેઇટની બંને તરફ વર્ષોથી દુકાનો ભાડે અપાયેલ હતી. જ્ઞાતિ દ્વારા આ દુકાન ભારે જહેમત ઉઠાવી ખાલી કરાવાઇ હતી. દુકાનો ખાલી થતા ૮૫ વર્ષ જુના ગેઇટના સ્થાને આધુનિક ડીઝાઇનનો વિશાળ ગેઇટ બનાવાયો છે. વિશાળ દરવાજો થતા લગ્ન જેવા પ્રસંગોએ વરરાજાની ગાડી મંદિરની અંદર આવી શકશે અને આવવા-જવા માટે માર્ગ મોકળો થયો છે. ૮૫ વર્ષ બાદ બનાવયેલ નવો ગેઇટ સિમેન્ટ કોન્કીટથી પીલર કરી અને દરવાજો સ્ટેનલેસ(એસએસ) સ્ટીલથી બનાવ્યો હોવાથી વર્ષો સુધી અડીખમ રહે તેવો મજબુત અને આકર્ષક બનાવાયો છે.

આ પ્રસંગે જામખંભાળીયાના પ્રમુખ હરૂભાઇ વઘાડીયા ઉપરાંત સુંદરજીભાઇ સુરેલીયા, ઠાકરશીભાઇ વડગામા અને ભરતભાઇ સંચાણીયા પણ ઉપસ્થિત રહયા હતા.



VISHWAKARMA VISHAWA
(GUJARATI-MONTHLY)
RNI REGD. NO.GUJGUJ/2013/49269




Volume No.-12, Issue No.11
Date : 10-12-2023

Page : 32
Retail Price Rs.30/-
Annual Subscription Rs. 300/-

**Editor :** Pravin Dayaljibhai Gajjar (Bhadeshia)

**Graphic Design :** Amit Vaghela

**Web Editor :** Parth Gajjar

**Marketing :** Rameshbhai Vaghasana

**Office :** Vishwakarma Vishwa, Ramy Publication, 320, Heera Panna Complex, Dr. Yagnik Road, Rajkot-360001. Ph. 0281-2461858

**Editor-Publisher-Owner & Printer:** Pravin Dayaljibhai Gajjar (Bhadeshia), Printed & Published at Ramy Printers, 'Meghavi', R.M.C. Nagar, Near Jain Boarding, Airport Road, Rajkot-360007, (Gujarat)


**E-mail:** vishwakarmavishwa@yahoo.com
**Web:** vishwakarmavishwa.com
www.fb.com/vishwakarmavishwa

**'વિશ્વકર્મા વિશ્વ'માં પ્રકાશિત થતી વાંચન સામગ્રીમાં વ્યક્ત થતા વિચારો જે-તે લેખકના છે. એની સાથે તંત્રી/સંપાદક હંમેશા સંમત જ છે તેમ માનવું નહીં. કાનૂની ક્ષેત્ર રાજકોટ રહેશે.**



## રાજયોની ચુંટણી પરિણામ બતાવે છે કે...

# વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો દબદબો યથાવત



દેશના પાંચ રાજયોની ચુંટણીમાં ભારતીય જનતા પક્ષનો ત્રણ રાજય યુ.પી., રાજસ્થાન અને છત્તીસગઢમાં ઝળહળતો વિજય થયો છે. આ પરિણામે વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો દબદબો યથાવત હોવાનું તારણ નીકળી રહયું છે. આ રાજયોની ચુંટણી ૨૦૨૪માં આવનાર લોકસભાની ચુંટણીનો સેમીફાઇનલ ગણાતો હતો. આ સેમીફાઇનલમાં ભાજપ વિજેતા પુરવાર થતા લોકસભાની ચુંટણીના ફાઇનલમાં પણ ભાજપ વિજેતા થશે તેવી ધારણા મજબુત બની છે.

આ પાંચ રાજયોની ચુંટણી અંગેના જે એકઝીટ પોલ આવતા હતા તેમાના મોટાભાગના એકઝીટ પોલ ખોટા પડયા છે અને મોટાભાગના સર્વે કોંગ્રેસ છત્તીસગઢ અને તેલગણામાં વિજેતા થશે તેવું બતાવતા હતા અને મધ્યપ્રદેશ અને રાજસ્થાનમાં કાંટે કી ટક્કર હોવાનું વિશ્લેશણમાં બતાવતા હતા પરંતુ મધ્યપ્રદેશ અને રાજસ્થાનમાં ભવ્ય વિજય પ્રાપ્ત ભાજપે મેળવ્યો છે.

જો કે તેલંગણાની સ્થાપના થયા બાદ કોંગ્રેસી પ્રથમવાર વિજેતા થઇ છે. આ મોટી વાત છે.

રાજયોની થયેલ ચુંટણીમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી પ્રચારમાં મુખ્ય ચહેરો હતો અને સ્થાનિક નેતૃત્વ નહીં પણ નરેન્દ્ર મોદી જ મુખ્ય ચહેરો હતો. આ મુખ્ય ચહેરાને કારણે જ ધારાસભાની ચુંટણીમાં ભાજપનો વિજય થયો હોવાનું માનવામાં આવે છે.

કોંગ્રેસમાં ખાટલે મોટી ખોટ એ છે કે પક્ષ પાસે ચુંબકીય વ્યકિતત્વ નથી. રાહુલ ગાંધીએ વસ્તી આધારીત ગણતરીના ગાના ગાયા સામે મોદીએ દિવ્ય મારણ શોધી કાઢી કહયું, જ્ઞાતિના આધારે દેશના ટુકડા કરવાનું યોગ્ય નથી. ગરીબ, મહિલા, યુવાન અને ખેડુત. આ સાર લોકો સમજી ગયા. મોદીએ કહયું, ગેરંટીઓની ગેરંટી એક જ છે. મોદી ગેરંટી અને આ વાત લોકોના ગળે ઉતરી ગઇ.

સેમી ફાઇનલ રૂપી ચુંટણીમાં તો ભાજપ વિજયી થયો છે ત્યારે ૨૪માં લોકસભાની ચુંટણીરૂપી ફાઇનલમાં શું થશે ? તેનો દેશની પ્રજાને ઇંતજાર છે.

PDGajjar
◆ પ્રવિણ ગજ્જર

**નોંધ :** વિશ્વકર્મા વિશ્વમાં પ્રસિદ્ધ થતી વાંચનસામગ્રીનો અમારી પરવાનગી વગર ઉપયોગ કરવો નહીં નહીંતર કાયદેસરના પગલા લેવાશે તેની નોંધ લેવી. - **તંત્રી**

# રંગોળી સ્પર્ધામાં કલાકારોની કલા નીખરી ઉઠી છે : હીના ગજજર

## રંગોળીના સર્જનમાં વિશ્વકર્મા પ્રભુએ આપેલ કલાનો વારસો નજરે પડે છે : વિશાલ વડગામા




પ્રતિવર્ષની માફક આ વર્ષે પણ વિશ્વકર્મા વિશ્વ દ્વારા વોટસએપ આધારીત ઘર રંગોળી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિવિધ શહેરમાંથી ૬૦ જેટલા સ્પર્ધકોએ ભાગ લીધો હતો. આ સ્પર્ધાના નિર્ણાયકો તરીકે અમદાવાદના દેશ-વિદેશમાં જેમની કલા નખરી ઉઠી છે તેવા હીનાબેન ગજજર અને અમદાવાદના યુવાન ઇન્ટીરીયર અને કોન્ટ્રાકટર વિશાલ વડગામાએ સેવા આપી હતી.

આ બંને નિર્ણાયકોએ રંગોળીનું વિવિધ પાસાઓને ધ્યાનમાં રાખી ઝીણવટભર્યું નિરીક્ષણ કરી અને પોતાનો નિર્ણય જાહેર કર્યો હતો. નિર્ણાયકોએ પસંદ કરેલ પ્રથમ ૧૨ રંગોળીઅ ને તેના કલાકારો સાથેના નવા વર્ષનું કેલેન્ડર 'ધ આર્ટ'માં સ્થાન પામશે.

સ્પર્ધા અંગે પ્રતિભાવ આવતા નિર્ણાયકો હીનાબેન ગજજર અને વિશાલ વડગામાએ જણાવ્યું હતું કે, આ સ્પર્ધામાં આવેલ તમામ રંગોળી નિહાળતા બધાએ કરેલી મહેનત દેખાય છે. આપણને વિશ્વકર્મા પ્રભુજીએ જે કલા આપી છે. તેના પ્રત્યક્ષ દર્શન આ સ્પર્ધામાં નજરે નીહાળવા મળે છે. કેટલાક કલાકારોએ તો કલાકોની મહેનત કરી છે, તો કેટલાક કલાકરો એવા છે જેને ફીનીશીંગમાં કશી ઉણપ રાખી નથી, જે લોકો વિજેતા નથી થયા તેઓએ થોડી ઓછી ઉતાવળ કરીને વધુ મહેનત કરવી જોઇએ.

૨૦૨૪ના કેલેન્ડર ધ આર્ટમાં સ્થાન પામેલ ૧૨ કલાકારોનો પરિચય.

## નિર્ણાયકોનો પરિચય

### હીનાબેન ગજજર



અમદાવાદમાં મણીનગર વિસ્તારમાં મોહનનગર સોસાયટીમાં રહેતા હીનાબેન ગજજર આર્ટીસ્ટોની દુનિયામાં અનેરૂ સ્થાન ધરાવે છે. તેઓએ આર્ટની તાલીમ કોઇ પાસેથી લીધી નથી. છતાં પણ આજે છેલ્લા ૨૩ વર્ષથી આઇ ક્રિષ્ના આર્ટના નામથી આર્ટના કલાસ ચલાવે છે. તેમના કલાસમાં ૩ા વર્ષથી લઇને ૬૦ વર્ષના લોકો તેમની પાસે આર્ટ શીખવા આવે છે. પેન્સીલ કલર, કેનવાસ, એક્રેલીક, દરેક પ્રકારના આર્ટ વર્કમા હીનાબેન માહેર છે. હીનાબેન ગજજર વર્ષો સુધી ફેવીકોલ પીડીલાઇટ દ્વારા ચાલતી આર્ટની પ્રવૃત્તિઓના મુખ્ય ટીચર રહયા છે. હીનાબેન ગજજરે પ્રમુખ સ્વામી સહિતના સંતો અને અમિતાભ બચ્ચન સહિતના કલાકારોના પોટ્રેઇટ દોરી આશીર્વાદ અને પ્રસંશા મેળવી ચુકયા છે.

હીનાબેન ગજજર કલાકારોને તૈયાર કરવામાં જરાપણ કચાશ રાખતા નથી, તાલીમાર્થીઓને વિવિધ સ્થળોએએ લઇ જઇને લાઇવ સ્કેચ સારામાં સારા દોરી શકાય તેનું ધ્યાન રાખે છે. તેઓ દર વર્ષે કલાકારોની કલાનું પ્રદર્શન યોજે છે. તેઓએ તેમના પેઇન્ટીંગનું પ્રદર્શન પણ આર્ટ ગેલેરીમાં યોજયું હતું. અને સારી પ્રશંસા પામ્યું હતું. તેમના હાથ નીચે તૈયાર થયેલા કલાકારો પૈકીના આજે ઘણા ડોકટરો અને ઇજનેરો થઇ ચુકયા છે. તેમના હાથ નીચે તૈયાર થયેલા કલાકરો આજે વિદેશમાં પણ કલાના કામણ પાથરી રહયા છે.

### વિશાલ વડગામા




વિશ્વકર્મા વિશ્વ દ્વારા આયોજીત વોટસએપ આધારીત 'ઘર રંગોળી સ્પર્ધા'માં અમદાવાદના વિશાલ ગજજરે(વડગામા) પણ નિણાયકની ભૂમિકા ભજવી હતી.

અમદાવાદના નિર્ણયનગરમાં રહેતા વિશાલ વડગામા ઇન્ટીરીયર ડીઝાઇનરઅને કોન્ટ્રાકટર છે અને છેલ્લા ૧૮ વર્ષથી ઇન્ટીરીયરની પ્રેકટીસ કરે છે. ઇન્ટીરીયર ડીપ્લોમાનો અભ્યાસ કર્યા બાદ યુવા વયે જ તેમણે ઇન્ટીરીયરની પ્રેકટીસ શરૂ કરી હતી. અમદાવાદ ઉપરાંત રાજસ્થાન-ઇંદોર જેવા શહેરોમાં પણ તેમની ઇન્ટીરીયરની કલા નીખરી ઉઠી છે. કંઇક નવું કરવાની ભાવના તેઓ સતત કેળવતા રહયા છે. તેમને શિલ્પ અને કલાનો પણ શોખ છે અને પુરાતન વસ્તુઓ પણ ભેગી કરવાનો શોખ ધરાવે છે.

## ઘર રંગોળી સ્પર્ધા વિજેતા-૧

# મિતલકુમાર ઘોરેચા : જેનું જીવન કલાને સમર્પિત





વિશ્વકર્મા વિશ્વ દ્વારા આ વર્ષે યોજાયેલ વોટસએપ આધારીત ઘરરંગોળી સ્પર્ધા-૨૦૨૩માં પ્રથમ નંબરે જામનગરના મિતલકુમાર મુંકુંદરાય ઘોરેચા સ્થાન પામ્યા છે. તેઓએ લક્ષ્મીજીની ૮ ફુટ × ૪ ફૂટની રંગોળી દીપોત્સવી પર્વ નિમિત્તે બનાવી હતી. આ રંગોળીનું સર્જન કરતા મિતલકુમારને ૨૦ કલાક લાગ્યા હતા.

મિતલકુમાર ઘોરેચાએ પોતાની જીવન કલાને સમર્પિત કર્યું છે. તેમણે આઇટીઆઇ કર્યા બાદ મીકેનીકલ એન્જિનિયરીંમાં પ્રવેશ લીધો હતો. પરંતુ કલા પ્રત્યે લગાવને કારણે એન્જિનિયરીંગ છોડીને ફાઇન આર્ટસ કોલેજમાં ફાઇન આર્ટસની ડિગ્રી મેળવી અને હાલ તેઓ કલાના સર્જન પાછળ જ પોતાનો સમય ગાળે છે. વિવિધ પ્રકારના કેનવાસ પેઇન્ટીંગ-પ્રોટેઇટ વગેરેમાં તેઓ નિષ્ણાંત છે. દુબઇ-અમદાવાદ સહિતના શહેરમાંથી મળતા પેઇન્ટીંગના ઓર્ડર મુજબ કામ કરે છે.


વિશ્વકર્મા વિશ્વ આયોજીત ઘર રંગોળી સ્પર્ધામાં તેઓ છેલ્લા ૩ વર્ષથી ભાગ લીધો છે અને તેમાં ત્રણેય વર્ષ વિજેતા થયા છે અને છેલ્લા ત્રણ વર્ષથી વિશ્વકર્મા વિશ્વ દ્વારા પ્રસિદધ થતા કેલેન્ડર 'ધ આર્ટ'માં તેઓ સ્થાન પ્રાપ્ત કરતા રહયા છે.

મિતલકુમાર ઘોરેચાના પિતા મીઠાપુર તાતા કેમીકલ્સમાંથી નિવૃત્ત થઇ હાલ જામનગર વીશરોલીયા મશીનરી સ્ટોર્સમાં ફરજ બજાવે છે.

**સરનામું :** મિતલકુમાર મુંકુંદરાય ઘોરેચા, નંદનવન પાર્ક-૨, પ્લોટ નંબર-૧૭/૧૮-૨, નંદનવન નિશાળ પાસે, સાંઇધામ મંદિર પાછળ, રણજીતસાગર રોડ, જામનગર-૩૬૧૦૦૫.

## ઘર રંગોળી સ્પર્ધા વિજેતા-૨

# નાનપણથી આર્ટમાં રસ ધરાવતા અમદાવાદના વિભાબેન ગજજર






વિશ્વકર્મા વિશ્વ દ્વારા આ વર્ષે યોજાયેલ વોટસએપ આધારીત ઘર રંગોળી સ્પર્ધાના દ્વિતિય વિજેતા બન્યા છે અમદાવાદના વિભાબેન ગજજર(લલ્લુવાડીયા). વિભાબેન ગજજર મુળ જામનગરના છે. જામનગરમાં જાણીતા ઉદ્યોગગૃહ ડીલક્સ ઉદ્યોગવાળા રાજુભાઇ સંચાણિયાના તે પુત્રી છે અને વિભાબેનના પતિ કુશલ મેડીકલ સ્ટોર ચલાવે છે.

વિભાબેન ગજજરે જામનગરમાં બીબીએ સુધીનો અભ્યાસ કર્યો પરંતુ તેમને નાનપણથી જ આર્ટમાં રસ અને રૂચી છે. હાલ તે પોતાના ઘરે જ પેઇન્ટીંગના અને રંગોળીના કલાસ ચલાવે છે. વિભાબેન ગજજર વિશ્વકર્મા વિશ્વ દ્વારા યોજાતી વોટસએપ આધારીત 'ઘર રંગોળીમાં છેલ્લા ૨ વર્ષથી ભાગ લે છે અને વિજેતા બની નવા વર્ષના કેલેન્ડરમાં સ્થાન પામે છે.

**સરનામું :** બી-૫૦, પુલીન સોસાયટી પાર્ટ-૨, પાયલ નગર મેઇન રોડ પાસે, નરોડા. અમદાવાદ.

## ઘર રંગોળી સ્પર્ધા વિજેતા-૩

# ગોંધીયાના હેમાક્ષીબેન ધ્રાંગધરિયાની હસ્તકલા દેશ-વિદેશમાં પ્રસરી છે





વિશ્વકર્મા વિશ્વ દ્વારા દીપોત્સવી પર્વ નિમિત્તે યોજાયેલ વોટસએપ આધારીત ઘર રંગોળી સ્પર્ધામાં મહારાષ્ટ્રના ગોંધીયાના હેમાક્ષીબેન ધ્રાંગધરિયા, તૃતિય વિજેતા થયા છે. હેમાક્ષીબેને રંગોળી સ્પર્ધામાં પ્રથમવાર જ ભાગ લઇ વિજેતા બન્યા છે. અને ૨૦૨૪ના કેલેન્ડર ધ આર્ટમાં સ્થાન પામ્યા છે.

મુળ વાંકાનેરના પરંતુ ત્યારબાદ મુંબઇ રહેલા સ્વ. ગોપાલભાઇ ભાલારાની પુત્રી અને ગોંધીયાના જીતેન્દ્રભાઇ ધ્રાંગધરીયાના પત્ની એવા હેમાંક્ષીબેને એમ.એ. કરી અને ઇન્ટીરીયરનો પણ અભ્યાસ કર્યો છે. તેમના પતિ જીતેન્દ્રભાઇ પણ ઇન્ટીરીયર આર્કીટેકટ અને ઇજેનર છે.

નાનપણથી જ કલા પ્રત્યે રસ અને રૂચી ધરાવતા હેમાક્ષીબેન હેન્ડીક્રાફટમાં માહેર છે. અને હેન્ડીક્રાફટને પોતાનો વ્યવાસય બનાવ્યો છે. હેન્ડીક્રાફટ-એક્રેલીકની કલા કૃતિઓ જાતે જ તૈયાર કર્યો છે. તેઓ લેઝર જીકસો કટીંગ મશીનના ઉપયોગ દ્વારા કલાકૃતિમાં બનાવે છે. અમદાવાદ-મુંબઇ જેવા શહેરો ઉપરાંત યુએસએ જેવા વિદેશમાં ઘણા ઘરોમાં તેમની કલાકૃતિઓ ઘરની શોભા વધારી રહયા છે. રાજકોટના એ.બી. મશીન ટુલ્સવાળા સુરેશભાઇ ખારેચાના પત્ની હર્ષાબેન ખારેચાના હેમાક્ષીબેન બહેન થાય છે.

**સરનામું :** 'શ્રીજી', આયુષ્ય હોસ્પિટલ, રેલટોલી, ગોંધીયા-૪૪૧૬૧૪(મહારાષ્ટ્ર)

---

## ઘર રંગોળી સ્પર્ધા વિજેતા- ૪

# બ્રાઇડલ મહેંદી મુકવામાં નિષ્ણાંત નેહા સંચાણિયા



વિશ્વકર્મા વિશ્વ આધારીત વોટસએપ આધારીત ઘર રંગોળી સ્પર્ધામાં જામનગરની નેહા પ્રવીણભાઇ સંચાણિયા ૪થા સ્થાને વિજેતા થઇ છે. અને નવા વર્ષના કેલેન્ડર 'ધ આર્ટ' ૨૦૨૪માં સ્થાન પામી છે.

નેહાએ ૧૦ ધોરણ સુધીનો અભ્યાસ કર્યો છે. પરંતુ નાનપણથી તેમને કલાનો શોખ છે. ફર્નીચરનો વ્યવસાય કરતા પ્રવીણભાઇ સંચાણિયાની પુત્રી મહેંદી મુકવામાં માહેર છે. નેહા એમપીએસ આર્ટના નામથી મહેંદી મુકવાનું કામ કરે છે.

**સરનામું :** સરદાર પાર્ક-૧, શેરી નં. ૪, પ્લોટ નં. ૫૯/૧૦, હરીયા કોલેજ રોડ, સાંઢીયા પુલ પાસે, જામનગર-૩૬૧૦૦૪.

## ઘર રંગોળી સ્પર્ધા વિજેતા- ૫

# કોઠા સુઝથી શોખ કેળવી ક્રિષા ઘોરેચા આર્ટ ટીચર બની



વિશ્વકર્મા વિશ્વ દ્વારા યોજાયેલ વોટસએપ આધારીત રંગ સ્પર્ધામાં જામનગરના ક્રિષા વિજયભાઇ ઘોરેચા વિજેતા થઇ અને ૨૦૨૪ના કેલેન્ડર ધ આર્ટમાં સ્થાન પામી છે.

ક્રિષા હાલમાં ટી.વાય. બી.કોમ.માં અભ્યાસ કરે છે. નાનપણથી જ આર્ટમાં રસ લે છે અને કોઠા સુઝથી આગળ વધી છેલ્લા એક વર્ષથી જામનગરની મોદી સ્કુલમાં આર્ટ ટીચર બની છે. પોટ્રેઇટ-વોટર કલર વગેરેના પેઇન્ટીંગનું કામ પણ કરે છે. અને ઓર્ડર પ્રમાણે પેઇન્ટીંગ કરી આપે છે. ક્રિષાના પિતા વિજયભાઇ અગ્રણી ઉદ્યોગગૃહ સમંજસમાં ફરજ બજાવે છે.

**સરનામું :** પુજા એપાર્ટમેન્ટ, ફલેટ નં. ૨૧, શરૂ સેકશન રોડ, માહી મિલ્ક ડેરી સામે, જામનગર.

**ઘર રંગોળી સ્પર્ધા વિજેતા- ૬**

# ડ્રોઇંગ પેઇન્ટીંગનો શોખ ધરાવતા જીતેશ પિલોજપરા




વિશ્વકર્મા વિશ્વ દ્વારા આયોજીત વોટસએપ આધારીત ઘર રંગોળી સ્પર્ધામાં રાજકોટના જીતેશ પિલોજપરા સતત ૫માં વર્ષે વિજેતા થયા છે. અને નવા વર્ષના કેલેન્ડર ધ આર્ટમાં સ્થાન પામ્યા છે.

જીતેશ પિલોજપરા સિદ્ધિ ગ્રાફીકસના નામથી ગ્રાફીક ડીઝાઇનનો વ્યવસાય કરે છે પણ ડ્રોઇંગ અને પેઇન્ટીંગ તેમનો શોખ રહયો છે. ૧૯૮૭માં રાજકોટની સૌરાષ્ટ્ર ચિત્ર શાળામાં અભ્યાસ કર્યા બાદ તેમણે ૯૪-૯૫માં એપ્લાઇડ આર્ટનો ડીપ્લોમા મેળવ્યો. વર્ષોથી ડ્રોઇંગ અને પેઇન્ટીંગનો શોખ હોવાથી રાજકોટની ચિત્રનગરીમાં પણ તેઓ જોડાયેલા છે અને ચિત્ર નગરીના વોલ પેઇન્ટીંગના પ્રોજેકટોમાં ભાગ લે છે. દિવાળી પર્વ નિમિત્તે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા દીપોત્સવી પર્વની ઉજવણી દરમ્યાન યોજાતી રંગોળી સ્પર્ધામાં પણ તેઓ ભાગ લે છે. તાજેતરમાં અમદાવાદ ખાતે હઠીસિંહ આર્ટ ગેલેરીમાં યોજાયેલ ગ્રુપ શોમાં પણ તેઓએ ભાગ લીધો હતો તેઓના ૬ પેઇન્ટીંગમાંથી ત્રણ સારી કિંમતે સેલ થયા હતા.

**સરનામું :** 'શિવમ', એ-૨૪, ક્રિષ્ના બંગલો, માધવ પાર્ક-૩, શેરી નં. ૨, ગોવર્ધન ચોક પાસે, ૧૫૦ ફૂટ રીંગ રોડ, રાજકોટ.

**ઘર રંગોળી સ્પર્ધા વિજેતા- ૭**

# પરંપરાગત રંગોળીના સર્જક ડોલીબેન તલસાણિયા



વિશ્વકર્મા વિશ્વ દ્વારા દીપોત્સવી પર્વ નિમિત્તે યોજાયેલ વોટસએપ આધારીત ઘર રંગોળી સ્પર્ધા-૨૩માં ડોલીબેન વૈભવભાઇ તલસાણિયા વિજેતા થઇ. નવા વર્ષના કેલેન્ડર ધ આર્ટમાં ત્રીજી વખત સ્થાન પામ્યા છે.


ડોલીબેન તલસાણિયા કહે છે, હું સમજણી થઇ ત્યારથી આર્ટમાં અને રંગોળીમાં રસ લઉં છું. આર્ટનો કોઇ અભ્યાસ કર્યો નથી પરંતુ જોઇને અને આત:સ્ફુરણાથી રંગોળી કરૂ છું. આ વર્ષે ૮ × ૮ ફૂટની વિશાળ પરંપરાગત રંગોળી બનાવી હતી.

ડોલી તલસાણિયા રાજકોટના બહેનોના ગજ્જર સખી વૃંદના પ્રમુખ છે. અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં સખી વૃંદની સ્થાપના થઇ ત્યારથી એટલે કે ૨૦ વર્ષથી રસ લઇ રહયા છે.

**સરનામું :** બી-૧૨૦૨ પેન્ટાગોન, સ્પીડવેલ પાર્ટી પ્લોટની સામે, નાના મવા મેઇન રોડ, રાજકોટ.

**ઘર રંગોળી સ્પર્ધા વિજેતા- ૮**

# રંગોળીનો શોખ ધરાવતી સુરતની ધ્રુવી સોનીગરા



વિશ્વકર્મા વિશ્વ આયોજીત ઘર રંગોળી સ્પર્ધામાં સુરતની ધ્રુવી સોનીગરા ભાગ લઇને આઠમાં ક્રમે વિજેતા થઇ છે. ધ્રુવી સોનીગરા એસએસસીમાં અભ્યાસ કરે છે. છેલ્લા ૪ વર્ષથી રંગોળી બનાવવાનો શોખ કેળવ્યો છે. શાળામાં યોજાયેલ રંગોળી સ્પર્ધામાં પણ તેમણે પ્રથમ સ્થાન મેળવ્યું હતું. ધ્રુવીના પિતા મુકેશભાઇ શ્રી રાધે કાર મેળોના નામથી કાર-લે વેચનું કામ કરે છે.

**સરનામું :** ૩૦૮, ધર્માનંદન એપાર્ટમેન્ટ, કરુણાનિધી રેસી., યોગીચોક કોમ્યુનિટી હોલની સામે, સાવલીયા સર્કલ, યોગીચોક, સુરત.

**ઘર રંગોળી સ્પર્ધા વિજેતા- ૯**



# આર્ટમાં નાનપણથી જ માહેર રાજકોટની બીંદીયા અનુવાડિયા

વિશ્વકર્મા વિશ્વ દ્વારા યોજાયેલ વોટસએપ આધારીત ઘર રંગોળી સ્પર્ધામાં રાજકોટના બીંદીયાબેન સંદીપભાઇ અનુવાડીયા આ વર્ષે પણ વિજેતા થયા છે અને નવા વર્ષના કેલેન્ડર 'ધ આર્ટ'માં સ્થાન પામ્યા છે. બીંદીયાબેન વિશ્વકર્મા સાથેની વાતચીતમાં કહે છે, હું માંગરોળમાં ૭માં ધોરણમાં અભ્યાસ કરતી હતી ત્યારે પ્રથમ વખત યોજાયેલ રંગોળી સ્પર્ધામાં પ્રથમ વિજેતા થઇ હતી. અને મેડલ મળ્યો હતો તે સાચવ્યો છે. આર્ટમાં અને અભ્યાસમાં હંમેશા અગ્રસ્થાને રહી છું. એસએસસીમાં જુનાગઢ જીલ્લામાં પ્રથમ આવી હતી અને બી.કોમ.માં પણ ફર્સ્ટ આવી હતી. લગ્ન પછી રાજકોટ આવીને પણ આર્ટનો શોખ જળવાયો છે. મારા પુત્ર નીલને પણ આર્ટનો શોખ કેળવ્યો છે. અને શાખાના પ્રોજેકટમાં તે પ્રથમ આવે છે અને પ્રિન્સીપાલની ઓફીસમાં સ્થાન પામે છે. બીંદીયાબેન વિશ્વકર્મા વિશ્વની રંગોળી સ્પર્ધામાં ૪થી વખત ભાગ લીધો છે અને દર વર્ષે કેલેન્ડરમાં સ્થાન પામતા આવ્યા છે.

**સરનામું :** 'સદભાવ', કલરવ પ્રી-સ્કુલ, શ્રદ્ધા ગાર્ડનની સામે, પીડીએમ કોલેજની પાછળ, ગોંડલ રોડ, રાજકોટ.

## ઘર રંગોળી સ્પર્ધા વિજેતા- ૧૦

# આર્ટની શોખીન નિરાલી વડગામા હેન્ડીક્રાફ્ટમાં પણ માહેર




વિશ્વકર્મા વિશ્વ દ્વારા આયોજીત વોટસએપ આધારીત રંગ સ્પર્ધામાં જામનગરની નિરાલી વડગામાએ પ્રથમ વાર જ ભાગ લીધો હતો અને વિજેતા થઇને નવા વર્ષાના કેલેન્ડર ધ આર્ટમાં સ્થાન પામી છે

નીરાલીને નાનપણથી જ રંગોળીનો શોખ છે. નીરાલીએ જામનગરની હરીયા કોલેજમાંથી એમબીએ કર્યું છે અને હાલમાં તે સ્ટોક માર્કેટનું કામકાજ પણ કરે છે. આ ઉપરાંત નીરાલી 'કલોમા' નામની હેન્ડીક્રાફટનો ઓનલાઇન વ્યવસાય પણ ૬ માસથી કરે છે. નીરાલીના પિતા પ્રવીણભાઇ વડગામા જામનગરમાં ન્યુ પ્રોગ્રેસ મશીન ટુલ્સના નામથી ઔદ્યોગિક એકમ ધરાવે છે.

**સરનામું :** 'પુરૂષાર્થ', ૪ કૃષ્ણ કોલોની, ૫૮ દિગ્વીજય પ્લોટ, જામનગર.

## ઘર રંગોળી સ્પર્ધા વિજેતા- ૧૧

# સતત ત્રીજા વર્ષે વિજેતા થઇ બોટાદની હીમા પરમાર



વિશ્વકર્મા વિશ્વ દ્વારા આયોજીત વોટસએપ આધારીત ઘર રંગોળી સ્પર્ધામાં બોટાદની હીમા પરમાર પણ વિજેતા થઇ છે. અને નવા વર્ષના કેલેન્ડર ધ આર્ટમાં સતત ત્રીજા વર્ષે સ્થાન પામી છે. ફર્નીચરના વ્યવસાય સાથે સંકળાયેલા ભરતભાઇ પરમારની પુત્રી હીમાએ બીસીએ કર્યું છે અને હાલમાં ભાવનગરની શામળદાસ આર્ટ કોલેજમાં ડીપ્લોમા ઇન પેઇન્ટીંગ કરી રહી છે તેમની રંગોળી સતત ત્રીજા વર્ષે વિજેતા થઇ અને નવા વર્ષના કેલેન્ડર 'ધ આર્ટ'માં સ્થાન પામશે.

**સરનામું :** માધવ પાર્ક-૩, એમ.ડી. સ્કુલની સામે, પાળીયાડ રોડ, બોટાદ.

## ઘર રંગોળી સ્પર્ધા વિજેતા- ૧૨

# જામનગરની સોનલ વડગામાને નાનપણની રંગોળીનો શોખ છે




વિશ્વકર્મા વિશ્વ આયોજીત વોટસએપ આધારીત ઘર રંગોળી સ્પર્ધામાં જામનગરની સોનલ કાંતિભાઇ વડગામાએ પ્રથમવાર જ ભાગ લીધો અને વિજેતા થઇ છે અને નવા વર્ષના કેલેન્ડર ધ આર્ટમાં સ્થાન પામી છે.

બી.એ. સુધીનો અભ્યાસ કરનાર સોનલ વડગામા કહે છે, અને નાનપણથી જ ડ્રોઇંગનો શોખ હતો અને ત્યારબાદ રંગોળીનો શોખ કેળવ્યો અને અવનવી રંગોળીનું સર્જન કરીને શોખ પુરો કરું છું.

**સરનામું :** ૨૦૧, જય રણછોડ એપાર્ટમેન્ટ, નવાનગર હાઇસ્કુલની સામે, જયશ્રી માર્કેટ, જામનગર.

**વિજેતા કલાકારોની રંગોળીની કલર તસવીરો માટે જુઓ પાના નં. ૧૫, ૧૬, ૧૭, ૧૮ અને ૩૧.**


**ઘર બેઠા લવાજમ ભરો, ઘર બેઠા વિશ્વકર્મા વિશ્વ મેળવો.**

Paytm G Pay

**મો. ૯૦૯૯૯ ૪૯૫૬૫ પર Paytm અથવા G Pay કરો**

**અને આજ વોટસએપ નંબર પર આપનું એડ્રેસ મોકલી જાણ કરો...**

# ‘વાતોનું વિચારવા જેવું વિજ્ઞાન - ૭’

ડો. વિષ્ણુ એમ. પ્રજાપતિ

જિંદગીમાં શીખવો જરૂરી છે ગમતી વાતોનો વેપાર

આપણાં મુખેથી ઉદભવતા શબ્દો નીકળીને તે વાત બને તે પહેલા આપણા મન અને મગજમાં અદભૂત મનોમંથન થતું જ રહેતું હોય છે. વાતોના સાગર સમા વિશાળ સામ્રાજ્યમાં મંથન કરતા તેમાંથી અનેક રત્નો તો મળે છે પણ સાથે સાથે હળાહળ વિષ પણ મળે છે. જો કે એકધારા અનુભવ અને રોજીંદી ઘટમાળને કારણે આપણે તે મંથનને અનુભવતા નથી. નવો વિષય કે સાવ નવી જ વાત આવે એટલે તેનો થોડો થોડો અનુભવ થવા લાગે છે.

અગાઉ વાતચીતના અનેક પ્રકાર આપણે જોયા. તેમાંથી જોઇએ તો વાતોના મુખ્ય બે પ્રકાર છે એક છે ગમતી વાતો અને બીજી છે અણગમતી વાતો. કોઇવાર આપણે ખુદનું નિરક્ષણ કરીએ તો આપણને ચોક્કસ પેટર્નની વાતો જ પસંદ આવે છે અને કેટલાક પ્રકારની વાતો આપણને પસંદ આવતી નથી. આ બનવા પાછળ આપણા સિધ્ધાંતો, જીવન મૂલ્યો, જીવન જીવવાની પધ્ધતિ, જ્ઞાન અને આપણી પસંદ નાપસંદની ટેવાયેલી સમજણ મહત્વનો ભાગ ભજવતી હોય છે.



આપણે રોજીંદા જીવનમાં કેટલાયને ગમતી કે અણગમતી વાતો કર્યા કરીએ છીએ. કોઇને ગમશે કે નહી તેના વિશે ભાગ્યે જ વિચારીએ છીએ અને વિચારીએ તો એને ગમવું હોય તો ગમે પણ મારે જે કહેવાનું છે તે કહીને જ રહીશ તેવો સ્વભાવ જલ્દી છોડતા નથી. જીવન ખરેખર શબ્દોની જ રમત છે. મોટાભાગના વેરઝેર કે તણાવ શબ્દોરૂપી વાતોને કારણે જ ઉદભવ્યા હોય છે.




એક મુસાફર રાત્રે થાકીને એક ઝાડ નીચે સૂઇ ગયો. તેનો થાક વધારે હશે એટલે આંખ એવી સરસ મિંચાઇ ગઇ કે સમયનું તેમને ભાન જ ન રહ્યું.

તેને આમ સૂતો જોઇને એક બીજો ભાઇ તેની પાસે આવ્યો અને તેને જગાડ્યો, ‘અરે ભાઇ મારે તમારી સાથે એક ખાનગી વાત કરવી છે.’

પેલો મુસાફર જાગ્યો અને આંખો ચોળતા બોલ્યો, ‘અરે,હું ખૂબ જ થાકી ગયો છું... મને સુવા દો.’

પેલો બોલ્યો, ‘અરે તું કેવો છે મને સાંભળતો પણ નથી.’

પેલો મુસાફર ચિડાયો, ‘મને સુવા દે, હેરાન ન કર.’

‘જો સાંભળ પેલો મારો બંગલો છે. તે સામે કાર દેખાય છે તે પણ મારી છે, મોટો બેડરૂમ છે.. એસી છે... ઘરવાળી છે..!’ પેલાએ તેના ઘરની વાતો શરૂ કરી.

પેલા મુસાફરે બે હાથ જોડીને કહ્યું, ‘મહેરબાની કરીને મને સુવા દો...!’

‘અરે મારી વાત તો સાંભળ... મારી પાસે બધુ જ છે પણ હું જોવું છું કે કેટલાય લોકો આ ઝાડ નીચે કેવી રીતે સરસ ઊંઘ ખેંચી શકે છે... જ્યારે મને પેલા બંગલામાં ઊંઘ આવતી નથી.. મને ઊંઘ આવતી નથી એટલે મારા બંગલા સામે કોઇને શાંતીથી ઊંઘવા પણ દેતો નથી.’

પેલાએ વાત કરી એટલે પેલો મુસાફર ઉભો થયો અને કહેતો ગયો, ‘તું તારા દુઃખને કારણે બીજાના સુખને પણ સ્વિકારી શકતો નથી તો પછી તને ક્યાંથી સારી ઊંઘ આવી જ શકે ? નસીબથી ભલે તને સુખસાહ્યબી મળી પણ તારું અંદરનું ઘર તો અશાંત અને દુઃખ ભરેલું જ છે. તું ક્યારેય સુખી થઇશ નહી અને કોઇને થવા દઇશ પણ નહી.’

ઘણાં લોકોનો સ્વભાવ જ હોય છે કે પોતાના અંદરના અણગમાને કાયમ પ્રગટ કર્યા જ કરવાનો અને તેથી જ તો તેને ક્યાંય શાંતિ મળતી નથી અને કોઇની શાંતિ સ્થિર રહે તો તેને ગમતું નથી.

ગમતી વાતો કરવાનો સૌથી પહેલો નિયમ છે કે અંદરથી પોતે પોતાને ગમતા થવું. જો વ્યક્તિ પોતે અંદરથી પોતાના સ્વભાવને જ પસંદ નથી કરતો તો તેનાથી કોણ સુખી થઇ શકશે ? અંદરથી ખુશ વ્યક્તિ જ કાયમ સારા શબ્દોની સુવાસ પાથરી શકે છે અને સારા શબ્દોના પ્રયોગથી તેની વાતચીત પ્રભાવશાળી અને લોકોને ગમતી હોય છે.

આ ગમતી વાતો એટલે ખરેખર શું ? સીધી અને સરળ વ્યાખ્યામાં કહુ તો ગમતી વાતો એટલે કે આપણા મનને ખુશ કરે તેવી વાતો.

આ વ્યાખ્યા જાણ્યા પછી તરત બીજો પ્રશ્ન થાય કે કેવી વાતો આપણા મનને ખુશ કરે છે ?

જો હવે તેમા ઊંડા ઉતરશો તો તમને ખ્યાલ આવશે કે ઘણીબધી વાતોમાંથી તમને તેનો કેટલોક જ ભાગ પસંદ આવતો હોય છે. કુલ વાતોમાંથી વધુમાં વધુ ૩૦% ભાગ જ લોકોની પસંદગીનો હોય છે બાકીનો ભાગ તે વાતની આસપાસનો ઘેરાવો જ હોય છે. આ ઘેરાવાને લોકો જલ્દીથી ભૂલી જતા હોય છે.

હવે આ ખૂબ જ ગમતી વાતોનો વ્યાપ વધારવો હોય તો શું

થઇ શકે ? જો કે તે માટે લોકોને કઇ વાતો વધુ ગમે છે તે જાણવું જોઇએ. લોકોની ગમતી વાતોની ટકાવારી જોઇએ તો તે નીચે પ્રમાણે છે.

જેમાં,

**૧. પ્રસંશા :** ગમતી વાતોમાં લોકોને પોતાની પ્રસંશા થાય કે વખાણ થાય તેવી વાતો કાયમ ટોચ પર છે. તેની ટકાવારી ૪૦ થી ૫૦ ટકા જેટલી હોય છે. આ પ્રસંશા કે વખાણ કરવા એ વાતોની સૌથી ઉચ્ચ પ્રકારની આવડત છે. વખાણ અને ચાપલૂસીમાં ફર્ક સમજવો જરૂરી છે. વખાણ જો ચાપલૂસી બની જાય તો તેની ટકાવારી ઘટીને માત્ર ૧૦ % જેટલી જ રહી જાય છે. વખાણ એટલે કે સામેની વ્યક્તિની ખૂબી, આવડત, વિશેષ કાર્યશક્તિ અને તેને મેળવેલ સિધ્ધિને બિરદાવવી.. ઘણીવાર સામેનો વ્યક્તિ પ્રસંશાને લાયક હોવા છતાં જો તમે પ્રસંશા કરી શકતા નથી તો તમારી ઘણી સારી જ્ઞાનભારી વાતોમાં પણ તેને કોઇ રસ જાગશે નહી. આ પ્રકારની વાતોની જેનામાં આવડત હોય છે તે વ્યક્તિ અન્યમાં સૌથી વધુ પ્રિય હોય છે.



હવે કોઇના વખાણ કરતી વખતે કેટલીક વાતો ધ્યાનમાં રાખવી, જેમ કે વખાણની વાતો ટૂંકી અને ચુંટેલા શબ્દોની હોવી જોઇએ. વખાણ કે પ્રસંશા હૃદયથી કરવી જોઇએ. વખાણમાં ક્યારેય કોઇ સાથે સરખામણી ન કરવી. ઘણીવાર લોકો વખાણ કરતી વખતે તેના અણગમતા વ્યક્તિ સાથે તેની સરખામણી કરીને વાત બગાડી નાખતા હોય છે. વખાણ પૂર્ણ થાય એટલે તે વાત વારંવાર કરવી નહી.

આજે મોટા ભાગના લોકોને બીજાના વખાણ કરવા ગમતા નથી. એમાં શું વળી ? અને આપણે તો કોઇને ચણાના ઝાડ પર ચડાવતા નથી એવું કહીને પોતાની અંદરની ઈર્ષાને મનોમન પોષતા હોય છે. કોઇના સાચા વખાણ કરવાથી પોતાનું મન અને હૃદય સ્વસ્થ રહે છે.

**૨. શુભેચ્છાઓ ભરી વાતો :** પ્રસંશા પછી બીજા નંબરે આવે છે શુભેચ્છાભરી વાતો.

પ્રસંશા અને શુભેચ્છામાં થોડો ફર્ક છે. શુભેચ્છાઓ પ્રસંગો અને મેળવેલ વિશેષ સિધ્ધિ પર હોય છે. લોકોને શુભેચ્છાઓ સાંભળવી ગમે છે. જો કે આજકાલ તો સોશિયલ મિડિયા પરની શુભેચ્છાઓનો રાફડો જામ્યો હોય છે જેની અસર રુબરુ મળ્યા જેવી ક્યારેય હોતી નથી. શુભેચ્છાભરી વાતોની ટકાવારી લગભગ ૨૦ ટકા જેટલી હોય છે.

આજે મોબાઇલને કારણે લોકો શુભેચ્છા સંદેશાઓ સારી રીતે આપ લે કરતા શીખી ગયા છે જે સારી બાબત છે. પરંતુ અંગત વ્યક્તિઓને રૂબરૂ શુભેચ્છા પાઠવાનું પસંદ કરો અથવા જ્યારે પણ મુલાકાત થાય ત્યારે તેની શુભેચ્છા અવશ્ય પાઠવી દો. દિલાસો, સાંત્વના કે ઉત્સાહવર્ધક વાતો લોકો વધુ પસંદ કરે છે.

**૩. હૂંફ ભરી કે પ્રેમભરી વાતો :** વાતોમાં હૂંફ અને પ્રેમને લોકો વધુ ૧૦ થી ૧૫ ટકા જેટલો પસંદ આવે છે. વાતોમાં પ્રેમ અને હૂંફ ભેળવી દેવાથી સંબંધોમાં એક નવી જ તાજગી આવે છે. આજે અનેક લોકો હૂંફભરી વાતો સાંભળવા જ તરસી રહ્યા હોય છે. અનેક લોકો પાસે છે પણ સાથે નથી. એકબીજા સાથે પ્રેમભરી વાતો કરવાનો રસ નથી અથવા તો કરવી જોઇએ તેવી માન્યતા ભૂલી ગયા છે.

**૪. કામની વાતો :** વખાણ, શુભેચ્છા, હૂંફ અને પછી ચોથા નંબરે આવે છે જે તે વ્યક્તિના કામની વાતો. આ કામની વાતો એટલે તેને તેના જીવનમાં ઉપયોગી થતી વાતો કે જેનાથી તેને વ્યવસાયિક કે સંબંધોમાં ફાયદો મળે. આજે કોઇપણ વ્યક્તિને તેના કામની વાતો કરવાની શરૂઆત કરો એટલે તે તેનું બધું જ ધ્યાન તમારામાં પરોવી દેશે. કામની વાતો કરવામાં તમારી પાસે સામેની વ્યક્તિ વિશે પૂરતું જ્ઞાન હોવું જરૂરી છે. કામની વાતોની ટકાવારી ૫ થી ૧૦ ટકા જેટલી છે.

**૫. જ્ઞાનની વાતો :** હવે જે વાત કરું છું તે કામની વાતોથી કંઇક જુદી છે. આજકાલ લોકો બહુ જ્ઞાની થઇ ગયા છે. કોઇપણ વાતો કરો એટલે તેની પાસે બધુ જ જ્ઞાન હોય જ. આપણને એવું લાગતું હોય છે કે જ્ઞાનની વાતો લોકોને સૌથી વધુ પસંદ આવતી હોય છે પણ તેની ટકાવારી કામની વાતો કરતા પણ ઓછી છે. જેની ટકાવારી ફક્ત ૨થી ૫ ટકા જેટલી જ છે.

**૬. સલાહભરી વાતો :** આજે સલાહભરી વાતો લોકોને ખૂબ જ ઓછી પસંદ કરે છે. તેની ટકાવારી ફક્ત એક થી બે ટકા જેટલી જ છે. આજે નાની નાની વાતોમાં બધા જ સલાહો આપવામાં કુશળ બની ગયા છે. આ વાતોને લોકો ખૂબ જ અલ્પ પ્રમાણમાં પસંદ કરતા હોય છે.

આજે આપણે સૌને પરસ્પરનો વ્યવહાર વાતો થકી જ થતો હોય ત્યારે વાતોમાં સામેના વ્યક્તિને ગમતી વાતોનો વધુ પ્રયોગ કરવાથી વ્યક્તિત્વમાં પણ ખૂબ જ સારા ફેરફારો થવાના શરુ થાય છે. ગમતી વાતો કરવાથી આપણને પણ સામે ગમતી વાતોમાં જ પ્રત્યુત્તર મળે છે... અને અણગમતી વાતો કરીએ તો પછી એવો જ રીસપોન્સ મળે જ ને તે સ્વભાવિક છે. ખરેખર તો વાતો એક વેપાર છે જેમાં વાતચીત કરનાર બન્ને સામસામે સતત શબ્દો સાથે સમજણની આપ લે કર્યા જ કરે છે.

# ખોટી હોંશીયારી જ !

**અનિલ ખારેચા**

**ઈડિયટની અટારીએથી**



રિયલ લાઇફમાં બાઈકના હપ્તા ભરવા ગામમમાં પૈસા શોધતા હોય પરંતુ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર કોઈની પાર્ક કરેલી મોંઘી કાર સાથે સેલ્ફી લઈ, રીલ બનાવી લખે ભુરા કંઈના ઘટે હો! ત્યારે કહેવાની ઈચ્છા થાય કે કંઈ ન ઘટે નહીં ભુરા બીજાની કાર ને પોતાની બતાવતાં આબરૂ તો ઘટે જ ! પણ અમુક લોકો નીચુ તો મુકે જ નહીંને ! હમણાં જ આવા એક મિત્રને પેટમાં દુખતું હતું તે તેની સાથે મને ડોક્ટરને ત્યાં લઈ ગયો, સાહેબે પૂછ્યું રાત્રે શું જમ્યા હતા? પેલો કહે સર થોડું સુપ બાદમાં પિત્ઝા, બર્ગર ત્યાંજ સાહેબે કહ્યું વડીલ આ તમારૂં ઈન્સ્ટાગ્રામ નથી જે હોય તે સાચું બોલો કારણકે કાલે સાંજે તમે લારીમાં ભુગળા બટાકા ખાતાં હતાં ત્યારે હું ત્યાંથી કાર લઈને નિકળેલો !

ઘણા વિરલાઓ તો પોતે ઉછી ઉધારા ને ગામના ગાળીયા કરી ગાડુ ગબડાવતા હોય પણ પોતાના સંતાનને ડાળીએ વળાવવા કહે દિકરી ગરીબ હસે તોય ચલાવી લેશુ આપણે જરાય અભિમાન નહીં હો ! ઘણી સ્ત્રીઓ પણ જ્યારે શેરીમાં કોઈ ટેકનીકલ વાત થતી હોય કે પેલાએ ઓટોમેટિક ઘરઘંટી લીધી ત્યાં વચ્ચે બોલે અમારે પણ ટીવી ઓટોમેટિક છે લાઇટ જાય એટલે એની મેળે બંધ! ખબર ન હોય તે વિષયમાં પણ ટમકુ તો મુકવાનું જ ! પાછા સવાર સવારમાં કપડાં ધોતા બોલે આ જીઇબી વાળા થાંભલે તાર થોડા નીચા બાંધે તો શું જાતું હસે એમનું ? બધા બહેનોને કપડા સુકવવાની કેવી મજા આવે!

ખાસ તો સ્કૂલે બાળકો ને તેડવા આવતાં બહેનો રાહ જોઇને ઉભા હોય ત્યાં ચર્ચા સાંભળવાની મજા આવે, કોઈ બોલે મારે એના વગર ચાલેજ નહીંને, ખાવાનું જ ન ભાવે, આપણે એમ થાય કે હમણાં એના પતિ ની વાત કરશે ત્યાં વાક્ય પૂરું કરે બેન મને અથાણાં વગર ચાલેજ નહીં! ત્યાં વળી આજના શિક્ષણ વિશે કોઈ વાત કરે કે ઈંગ્લીશ બહુજ હાડે પડે છે, મને ન ફાવે આપણા વખતે ક્યાં આવું કંઈ આવતું ? ત્યાં કોઈ બોલે બેન ઈંગ્લીશ તો મનેય ન્હોતું ફાવતું આતો તમારા ભાઈ કહે થોડું થોડું પાણી નાખીને પીવાથી ધીમે ધીમે ફાવી જાય એમજ હોય એમાં મુંજાવાનું ન હોય બેન!




સૌરાષ્ટ્ર, ગુજરાત કે દેશના કોઈ પણ અખબાર અને મેગેઝીનમાં
કોમર્શિયલ, શુભેચ્છા, કલાસીફાઇડ કે અન્ય કોઈ પણ જાહેરાત આપવા માટે સંપર્ક કરો

ફોર કલર વીઝીટીંગ કાર્ડ, બીલ બુક, લેટર પેડ, કવર, બ્રોશર, પેમ્પલેટ,
આમંત્રણ કાર્ડ, પરિવાર પરિચય ગ્રંથ અને બુક વર્ક સહિતના પ્રીન્ટીંગ કામ માટે સંપર્ક કરો

Ramy Ads

Pravin Gajjar - Mo. 90999 49565
320, Heera Panna Complex, Dr. Yagnik Road, Rajkot-360001.

# દેવર્ષી ધ્રાંગધરિયા નાની વયે વિવિધ કલામાં માહેર


















મોરબી નિવાસી સ્વ. લવજી રવજી ધ્રાંગધરીયાના પૌત્રી અને અતુલ રવજીભાઈ ધ્રાંગધરીયાની પુત્રી દેવર્ષિ અતુલભાઈ ધ્રાંગધરીયા ગુર્જર સુથાર જ્ઞાતિ અને વિશ્વકર્મા સમાજનું ગૌરવ છે. વિશ્વકર્મા સમાજની આગવી ઓળખ એવી કલા, કારીગરી અને કૌશલ્યની બાળ ઉપાસક છે.

માત્ર ૧૭ વર્ષની બાળ સર્જક દેવર્ષિની ઉપરોક્ત કૃતિ પ્રભુ શ્રી વિશ્વકર્માનું ચિત્ર દેવર્ષિએ માત્ર કલર પેન્સિલથી બનાવેલ છે. જે એમના બાળ સર્જનનું ઉમદા ઉદાહરણ છે.

ઉપરોક્ત કૃતિ સિવાય દેવર્ષિ સ્કેચ આર્ટ, હસ્તકલા, માટી કળા, અને ભરત ગુંથળમાં પણ માહેર છે. આજે જ્યારે બાળકો એન્જિનિયર, ડોક્ટર, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટની આંધળી હરીફાઈમાં આગળ વધી રહ્યા છે ત્યારે દેવર્ષિ આ બધાથી ઉપર આવી ધોરણ ૧૦માં ૮૦% મેળવ્યા બાદ પણ, આગળ જઈ ફાઇન આર્ટ્સમાં પોતાની કારકિર્દી બનાવી વિશ્વકર્મા સમાજનો વારસો જાળવી રાખવા કટિબદ્ધ છે. સમાજની દીકરી આમ જ પોતાની આગવી ઓળખ ઉભી કરે એવી વિશ્વકર્મા પ્રભુને પ્રાર્થના.

# અમદાવાદમાં વસંત પંચમીએ સમુહલગ્નોત્સવનું આયોજન



અમદાવાદમાં આવેલ શ્રી સૌરાષ્ટ્ર ગુર્જર સુતાર યુવક સંઘ તથા સહયોગી સંસ્થાઓ નિર્મીત ગુર્જર સુતાર સમુહ લગ્ન આયોજીત સમિતિ દ્વારા ૪૬માં સમુહલગ્નોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. આ આયોજન તા. ૧૪/૨/૨૪ના રોજ વસંત પંચમીના પવિત્ર દિવસે કરવામાં આવ્યું છે, જેનું સ્થળ આહલ્યા બાય પાર્ટી પ્લોટ રાખવામાં આવ્યું છે. સમુહલગ્નમાં જોડાવા ઇચ્છનારે તા. ૨૦ જાન્યુઆરી-૨૪ સુધીમાં ફોર્મ મેળવીને ભરી જમા કરાવવાનું રહેશે. તેમ શ્રી સૌરાષ્ટ્ર ગુર્જર સુતાર યુવક સંઘના પ્રમુખ ધર્મેન્દ્રભાઇ દેવળીયાએ જણાવ્યું છે.

# સુજોક એક્યુપ્રેશર સારવારમાં વિશિષ્ટ યોગદાન બદલ વિશાખા ગજજરનું સન્માન

## દેશ-વિદેશમાંથી ઉપસ્થિતિ થેરાપીસ્ટોની હાજરીમાં અન્યનું પણ સન્માન





તાજેતરમાં પ્રયાગરાજ ખાતે આવેલ એક્યુપ્રેશર શોધ સર્વ ઉપચાર સંસ્થા દ્વારા ૨૫મો રાષ્ટ્રીય અને પ્રથમ આંતરરાષ્ટ્રીય મહાસંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સંમેલનમાં અમદાવાદના થેરાપીસ્ટ વિશાખા વિશાલ ગજર(વડગામા) સંસ્થાના પ્રિન્સીપાલ એ.ટી. સંઘના હસ્તે સન્માન કરવામાં આવ્યું અને સર્ટીફીકેટ અને રોકડ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત અમદાવાદના અલ્કાબેન કડેચા, બરોડાના જાગૃતિબેન મિસ્ત્રી, સોનુ કેલકટ અને રૂચા વ્યાસનું પણ સન્માન કરવામાં આવ્યું હતું.

વિશાખા ગજજર અને અન્યનું આ સન્માન સુજોક એક્યુપ્રેશર દ્વારા થતી સારવારમાં વિશિષ્ટ યોગદાન બદલ કરવામાં આવ્યું હતું.

મુળ રાજકોટના વિશાખાબેન ગજજર વિશ્વકર્મા વિશ્વના તંત્રી પ્રવીણ ગજજરની સુપુત્રી છે. રાજકોટમાં સુજોક એક્યુપ્રેશર દ્વારા નામના મેળવી હતી. બાદમાં વિશાલ વડગામા સાથે પરણી અમદાવાદ ગયા બાદ પણ સુજોક એક્યુપ્રેશરની પ્રેક્ટીસ કરી રહયા છે. નિર્ણયનગરમાં રામવાડી સોસાયટીમાં ‘આરોગ્યમ્’ નામથી તે સેન્ટર ચલાવે છે અને અસાધ્ય રોગોની સારવાર કરી રહયા છે. મેડીકલ સારવાર કારગત નિવડતી ન હોય તેવા અસાધ્ય રોગોની સારવાર કરી અનેકના અસાધ્ય રોગો દુર કરી રહયા છે. ડોકટરો પણ તેમની પાસેથી સારવાર કરાવે છે અને દર્દીઓને પણ મોકલે છે.

પ્રયાગરાજ ખાતે યોજાયેલ આ મહાસંમેલનમાં અમેરીકા, કેનેડા, લંડન, થાઇલેન્ડ સહિતના દેશોમાં પણ સુજોક થેરાપીસ્ટો ઉપસ્થિત રહયા હતા.




અસાધ્ય રોગોની દવા વગરની સચોટ સારવાર

સુજોક એક્યુપ્રેશર સેન્ટર

વિશાખા ગજજર - મો. ૯૯૭૯૮ ૭૧૨૮૪

૪૩, રામવાડી સોસાયટી, શાંતારામ હોલની સામે, નિર્ણયનગર પાસે, ગરનાળુ, અમદાવાદ.

# શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ-૨૦૨૩ માલતીબેન મેસવાણિયાને






રાજકોટ સેલ્ફ ફાયનાન્સ સ્કુલ્સ એસોસીએશન સ્વનિર્ભર શાળા સંચાલક મંડળ દ્વારા રાજકોટની પંદરસોથી વધુ શાળાઓમાં બસો પચાસ જેટલા શ્રેષ્ઠ શિક્ષકોને સન્માનિત કરી બેસ્ટ ટીચર એવોર્ડ-૨૦૨૩ આપવામાં આવ્યા. જેમાં શ્રી ગોવિંદીયા ચેરી. એન્ડ એજયુ. ટ્રસ્ટ સંચાલિત શ્રી અમૃત વિદ્યામંદિરના માલતીબેન મેસવાણિયાએ બેસ્ટ ટીચર એવોર્ડ-૨૦૨૩ મેળવી શાળાનું અને ગુર્જર સુતાર જ્ઞાતિનું ગૌરવ વધાર્યું છે.

આ કાર્યક્રમ તા. ૨-૯-૨૦૨૩ના રોજ પ્રમુખ સ્વામી ઓડોટોરીયમ હોલ ખાતે યોજવામાં આવેલ.

કાર્યક્રમના મુખ્ય મહેમાનો ગુજરાત રાજય કેબીનેટ મંત્રી ભાનુબેન બાબરીયા, સાંસદ રામભાઇ મોકરીયા, ધારાસભ્ય ડો. દર્શિતાબેન શાહ, મેયરશ્રી પ્રદીપભાઇ ડવ, વર્ચ્યુલ વિદ્યાપીઠના તેજસભાઇ પટેલ, આઇડલ કંપનીના કરિશ્માબેન શાખા સંચાલક મંડળના પ્રમુખશ્રી ડી.વી. મહેતા સાહેબ ગુજરાત રાજય શાખાના પ્રમુખ ભરતભાઇ ગાજીપરા, અજયભાઇ પટેલ, તેમજ અનેક મહાનુભાવો ઉપસ્થિત રહી શિક્ષકોને પ્રોત્સાહિત કરેલા.

શિક્ષક કભી સાધારણ નહીં હોતા, પ્રલય ઔર નિર્માણ ઉસકી ગોદ મેં પલતા હૈ...

જ્ઞાન, કૌશલ્ય અને અભિગમમાં શ્રેષ્ઠ શિક્ષકોનું સન્માન કરવામાં આવેલ.

માલતીબેન મેસવાણિયા શિક્ષણક્ષેત્રે ઘણા વર્ષોથી જોડાયેલ છે. તેઓએ અગાઉ પણ એવોર્ડ મેળવેલ છે. જેમાં રાષ્ટ્રભાષા પ્રચાર સમિતિ વર્ધા-મહારાષ્ટ્ર દ્વારા લેવામાં આવતી પરીક્ષામાં તેમની વિદ્યાર્થીની અમી તુરખીયા ૨,૯૮,૪૩૫ વિદ્યાર્થીઓમાં ઇન્ડિયા ફર્સ્ટ આવેલા જેનું રાષ્ટ્રપતિના હસ્તે સન્માન થયેલું અને આ તકે માલતીબેનને પ્રખર લેખક રઘુવીર ચૌધરીના હસ્તે શિલ્ડ પ્રમાણપત્ર આપી સન્માનિત કરેલા. તેમજ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી મારફત પણ પ્રમાણપત્ર આપવામાં આવેલ.

રોટરી કલબ ઓફ ગ્રેટર દ્વારા મહિલાદિન નિમિત્તે સન્નારી સન્માન કરવામાં આવેલ તેમજ બ્રહ્માકુમારી સંસ્થા દ્વારા પણ મહિલા દિન નિમિત્તે સન્માનિત કરવામાં આવેલ.

શ્રી વિશ્વકર્મા એજયુકેશન ટ્રસ્ટ જામનગર દ્વારા વિદ્યાર્થી સત્કાર સમારંભમાં અતિથિ વિશેષ તરીકે શિલ્ડ આપી સન્માનિત કરેલા. તેમજ ગજજર સખી વૃંદ દ્વારા સન્માનિત નારી સ્વયંસિદ્ધા તરીકે સન્માન થયેલ.

માલતીબેન બાળકો પ્રત્યે, સમાજ પ્રત્યે જ્ઞાતિ માટે ખુબ જ સારી ભાવના કેળવી ઉમદા કાર્યો કરી જીવન સાર્થક બનાવી રહયા છે. ગુર્જર સુતાર જ્ઞાતિના ગૌરવ માલતીબેનને ખુબ ખુબ અભિનંદન.

# પેઇન્ટીંગમાં ત્રીજુ પારિતોષીક મેળવતી ક્રિષ્ના હાર્દિક વડગામા



પોરબંદરના હાર્દિકભાઇ વડગામાની પુત્રી ક્રિષ્ના વડગામા જે ધો. ૭માં કેન્દ્રીય વિદ્યાલય પોરબંદરમાં અભ્યાસ કરે છે તેણીએ ૨૯-૦૮-૨૩માં ઓન ધ સ્પોટ પેઇન્ટીંગની સ્પર્ધામાં ભાગ લેવા માટે પોરબંદર કેન્દ્રીય વિદ્યાલયે અંદાજે ૮૦૦ બાળકોમાંથી તેની એકની જ પસંદગી કરેલ જેને લીધે તેણીને રાજકોટ કેન્દ્રીય વિદ્યાલયમાં જવા મળેલ જેને કલ્સ્ટર લેવલ કહેવાય છે જેમાં તેણીને પ્રથમ સ્થાન (ફર્સ્ટ રેન્ક) મળેલ. જેના લીધે ક્રિષ્નાને અમદાવાદ જવા મળેલ. જેમાં ત્રીજુ સ્થાન (થર્ડ રેન્ક) મેળવેલ. આ સ્પર્ધામાં ભાગ લેવા માટે તે સૌથી નાની વયની ઉમેદવાર હતી. પોરબંદર કેન્દ્રીય વિદ્યાલયે તેનું ખુબ સન્માન કરેલ. અમદાવાદમાં શ્રુતી ભાર્ગવ (ડેપ્યુટી કમિશનર)ના હાથે તેમનું સન્માન કરવામાં આવેલ.

ક્રિષ્ના, બાબુભાઇ વડગામા(મોરબી) જે આરએસએસમાં ખુબ આગળ પડતા હતા જેમણે ૧૨ વર્ષથી વધુ સમય બેટ દ્વારકામાં વિતાવેલ અને નરેન્દ્રભાઇ મોદી પણ અંગત રીતે ઓળખતા હતા તે બાબુભાઇ વડગામાના દિકરા વિજયભાઇ વડગામાના દિકરા હાર્દિકભાઇ વડગામાની પુત્રી ક્રિષ્ના વડગામા. હાર્દિક વડગામા પણ સાઉથ કોરીયન કંપની કે જેની ઓફિસ(seoul)માં આવેલ છે તેનું ઇન્ડિયા ખાતે બધુ કાર્યભાર સંભાળે છે. જે એક ઇન્સપેકશન-સર્ટીફીકેટ ઇએસી કંપની છે. માતા નીતા હાર્દિક વડગામા જે રાજકોટના અરવિંદભાઇ વાલજીભાઇ કરગથરાની પુત્રી છે. જે મિનાર લેથવાળાથી ઓળખાય છે.

# ધ આર્ટ કેલેન્ડર-૨૦૨૪માં સ્થાન પામેલ વિજેતા રંગોળીઓ








**વિજેતા - ૪**
**નેહા પ્રવીણભાઈ સંચાણિયા (જામનગર)**



**વિજેતા - ૬**
**જીતેશ પિલોજપરા (રાજકોટ)**








**વિજેતા - ૫**
**ક્રિષા વિજયભાઈ ગોરેચા (જામનગર)**



**વિજેતા - ૭**
**ડોલીબેન વૈભવભાઈ તલસાણિયા (રાજકોટ)**


# ધ આર્ટ કેલેન્ડર-૨૦૨૪માં સ્થાન પામેલ વિજેતા રંગોળીઓ





**વિજેતા - ૮**
**ધ્રુવી મુકેશભાઇ સોનીગરા**
**(સુરત)**






**વિજેતા - ૯**
**બીંદીયાબેન સંદીપભાઇ અનોવાડીયા**
**(રાજકોટ)**






**વિજેતા - ૧૦**
**નિરાલી પ્રવીણભાઇ વડગામા**
**(જામનગર)**





**વિજેતા - ૧૧**
**હીમા ભરતભાઇ પરમાર**
**(બોટાદ)**



**વિજેતા - ૧૨**
**સોનલ કાંતિભાઇ વડગામા**
**(જામનગર)**




# ઘર રંગોળી સ્પર્ધા-૨૦૨૩ની આકર્ષક રંગોળી


કિશન રાઠોડ (તળાજા)


નિતલ વડગામા(જામનગર)



આયુષી સાંકડેચા (રાજકોટ)


ખુશી ઉજૈણિયા (રાજકોટ)


અંકિતા દુધૈયા (જામનગર)


સંદિપ વડગામા (મોરબી)


જયના પેશાવરીયા (જામનગર)



ડો. શિવાની ભાડેશીયા(રાજકોટ)



ધારા ગજ્જર (જામખંભાળીયા)


જીલ ભાડેશીયા (રાજકોટ)


વર્ષા ખારેચા (રાજકોટ)



રિયા બોરાણિયા (રાજકોટ)



જયશ્રીબેન મિસ્ત્રી (ભરૂચ)


માધવીબેન બકરાણિયા (રાજકોટ)


# ઘર રંગોળી સ્પર્ધા-૨૦૨૩ની આકર્ષક રંગોળી



મિતલભાઈ ઘોરેચા(જામનગર)


હેતાંક્ષી ગજ્જર(અમદાવાદ)


જીનલ વિશરોલીયા(જામનગર)


અતુલ વડગામા (સરા-હળવદ)


ભાવિકા પંચાસરા(રાજકોટ)



ક્રિષા જીતેશ (ઉંમરગાવ)


માલતીબેન દુદકીયા (બોટાદ)




ડો. રિતેશ ઘોરેચા (મોરબી)



પુજા પઢીયાર (રાજકોટ)



ધારા ખંભાયતા (બરોડા)


ઈશા સોંડાગર (અમરેલી)


જ્યોતિ સુરેલિયા (મુંબઈ)


જીતેન્દ્ર મારૂ (રાજકોટ)


નિધી મિસ્ત્રી (સુરેન્દ્રનગર)


પંકજ ડોડિયા(આટકોટ-લોયલ)

# સાવરકુંડલામાં રવિકુમાર ભારદિયા એ.સી. હોલનું શાંતિભાઇ ભારદીયાના હસ્તે ઉદઘાટન

## કે.જી. થી કોલેજ સુધીના વિદ્યાર્થીઓનું મહાનુભાવોના હસ્તે સન્માન : વિશ્વકર્મા જયંતીએ સમુહલગ્ન યોજાશે





શ્રી ગુર્જર સુતાર જ્ઞાતિ સમાજ સાવરકુંડલા આયોજિત દશેરા મહોત્સવ,૨૦૨૩ તથા તેજસ્વી વિધાર્થીઓને સન્માનીત કરવાનો ઈનામ વિતરણ કાર્યક્રમ તેમજ રવિકુમાર ભારદીયા એ.સી. ભવનના ઉદ્ઘાટનનો કાર્યક્રમ તા. ૨૪/૧૦/૨૦૨૩ને દશેરાના શુભ દિવસે રાખવામાં આવ્યો હતો. એ.સી. ભવનના દાતા શ્રી અમુભાઈ ખીમજીભાઈ ભારદીયા રાજકોટ તરફથી રૂા. ૨,૫૧,૦૦૦નું અનુદાન આપવામા આવેલ.



આ ઉદ્ઘાટન શાંતિલાલ ખીમજીભાઈ ભારદીયા તથા તેમના ધર્મપત્નીના વરદ હસ્તે કરવામા આવેલ તેમની સાથે રાજકોટ મહુવા, ઉના, દેલવાડા તેમજ અન્ય ગામોથી જ્ઞાતિના આગેવાનો હાજર રહેલ તેમજ સાવરકુંડલાના તમામ આપણી જ્ઞાતિ સમાજના ભાઈઓ તથા બહેનો હાજર રહેલા.

ઈનામ વિતરણ કાર્યક્રમમાં બાલમંદિરથી લઈને કોલેજ સુધીના તમામ વિધાર્થી ભાઈઓ તથા બહેનોને પ્રોત્સાહિત કરવામાં આવેલા. કાર્યક્રમ પુર્ણ થઇ સૌ મહેમાનો જ્ઞાતિજનોએ સાથે ભોજન-પ્રસાદ લીધેલ.

**સમુહલગ્ન**

આગામી ૩૫મો સમુહ લગ્નનો ઉત્સવ તથા વિશ્વકર્મા જ્યંતિ મહોત્સવ તા. ૨૨/૨/૨૦૨૪ના શુભ દિને સાવરકુંડલા મુકામે રાખેલ છે. લગ્ન નોધણી કરવાની છેલ્લી તા. ૧૭/૧/૨૦૨૪ રાખવામાં આવી છે.

# કડેચા પરિવાર દ્વારા યોજાયો કુળદેવી યજ્ઞ




૨૩ મો કુળદેવી યજ્ઞ તા.૦૫-૧૧-૨૩, આસો વદ આઠમ ને રવિવારના રોજ યોજવામા આવેલ હતો.

યજ્ઞમાં બટુકભાઈ મેઘજીભાઈ મુ . કુંતલપુર (કાતરોળી) સાતક બેસેલ હતા.

યજ્ઞ વિધિ, બલિદાન તથા બીડુ હોમવામાં આવ્યા બાદ સમસ્ત પરિવાર, આમંત્રિત મહેમાનો તથા ગોરમહારાજ સાથે મળીને મહાપ્રસાદ લીધેલ હતો.

આ પ્રસંગે મોરબી, વીરપર, લજાઈ, ટંકારા, રાજકોટ, અમદાવાદ, વડોદરા, તથા રાજ્યના ને રાજય બહારના પરિવારના કુટુંબીજનો પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે હાજર રહેલા હતા. તેમજ આ યજ્ઞમાં પધારેલ સર્વે કુટુંબીજનો તથા આમંત્રિત મહેમાનોનો સમસ્ત કડેચા પરિવારના આયોજકો ખુબ ખુબ આભાર માનીએ છીએ.

# લજાઇ મુકામે કડેચા પરિવારના સુરાપુરા દાદાનો યજ્ઞ યોજાયો



લજાઈ મુકામે બિરાજતા કડેચા પરિવારના સુરાપુરા દાદાનો 'યજ્ઞ' તા.૨૬-૧૧-૨૦૨૩ ને રવીવાર કારતક સુદ ચૌદસના રોજ યોજવામાં આવ્યો હતો. સાતકમાં શ્રી કેશુભાઇ રામજીભાઇ કડેચાએ આ યજ્ઞનો લાભ લીધો હતો.



**(અહેવાલ : સંજય કડેચા)**

# વડગામા પરિવારનું રાજકોટમાં યોજાયું સ્નેહમિલન









વડગામા પરિવાર દ્વારા રાજકોટમાં વસતા વડગામા પરિવારના સ્નેહમિલનનું આયોજન તા. ૨૨-૧૧-૨૩ના રોજ રાજકોટના શ્રી વિશ્વકર્મા કેળવણી મંડળ ખાતે યોજવામાં આવ્યું હતું. જેમાં વડગામા પરિવારના સદસ્યોએ મોટી સંખ્યામાં હાજર રહયા હતા.

કાર્યક્રમનો પ્રારંભ નાની દીકરીયુના હસ્તે દીપ પ્રાગટયથી કરવામાં આવ્યા બાદ વડગામા પરિવારના પ્રમુખ એડવોકેટ અશ્વિનભાઇ વડગામાએ કહયુ કે, પરિવારના સદસ્યોએ મારામાં વિશ્વાસ મુકી મને પ્રમુખ તરીકે સેવા કરવાની તક આપી છે. ત્યારે પરિવારમાં અને સમાજમાં સંગઠન અને એકતાની ભાવના મજબુત બને તે માટેના પ્રયાસો કરીશ. તેમણે વડગામા પરિવાર પાસે ફંડની ઉણપ છે. આ ઉણપ દુર કરવા બધા લોકો સહયોગ આપે તે માટે મહેનત કરવી જરૂરી છે.

પ્રાસંગીક ઉદબોધન બાદ ઉપસ્થિત મહેમાનોનું સન્માન કરવામાં આવ્યું હતુ. જેમાં રાજકોટ જ્ઞાતિ પ્રમુખ રસીકભાઇ બદ્રકિયાનું સન્માન એડવોકેટ અશ્વિનભાઇ વડગામાએ, કેળવણી મંડળના મંત્રી નટુભાઇ ભારદીયાનું સન્માન મુકેશભાઇ વડગામાએ, ડીવાઇન કુકના જીતેન્દ્રભાઇ વડગામાનું સન્માન જેન્તીભાઇ વડગામાએ, યુનિ.ના ગુજરાતી ભવનના ભૂતપૂર્વ અધ્યક્ષ નીતિન વડગામાનું સન્માન જનકભાઇ વડગામાએ, રમણીકભાઇ વડગામાનું જીલુભાઇ વડગામાએ, બટુકભાઇ વડગામાનું જયસુખભાઇ વડગામાએ, તાલાલાના ગોપાલભાઇ વડગામાનું સન્માન નટુભાઇ વડગામાએ, જામનગરના ડો. જીજ્ઞેશભાઇ વડગામાનું સન્માન અશ્વિનભાઇ, મુકેશભાઇ અને જનકભાઇ વડગામાએ, એસ.વી. ન્યુઝવાળા ઉમેશભાઇનું સન્માન અશ્વિનભાઇ વડગામાએ, એમબીબીએસ પૂર્ણ કરી એમ.ડી. ફીઝીશ્યન થયેલા સોહનભાઇ અનિલભાઇ વડગામાનું સન્માન મયુરભાઇ વડગામાએ કર્યું હતું.

આ પ્રસંગે પ્રમુખ રસીકભાઇ બદ્રકિયાએ રાજકોટ જ્ઞાતિ દ્વારા થતા કાર્યોની માહીતી આપી હતી.

ડીવાઇન કુક વાળા જીતેન્દ્રભાઇ વડગામાએ આગવી શૈલીમાં સંબોધન કરી સ્નેહમિલનના આયોજનને બિરદાવી પરિવારમાં કાયમ સ્નેહ રહે અને કાયમી ભેગા થઇને સાથે રહેવાની અપીલ કરી હતી. પ્રાસંગીક ઉદબોધન બાદ કરાઓકેના ટ્રેક પર અશ્વિનભાઇ વડગામા, જનકભાઇ અને રસીકભાઇએ જુની ફિલ્મોના ગીતો રજુ કરીને સૌની વાહ મેળવી હતી. ત્યારબાદ રાસની રમઝટ બોલી હતી. સૌએ સાથે ભોજન કર્યું હતું.

કાર્યક્રમનું સંચાલન કુ. જાન્વી વડગામાએ કર્યું હતું. આભાર દર્શન જનકભાઇ વડગામાએ કર્યું હતું.

**(અહેવાલ : અશ્વિન વડગામા)**

# ખોરાળા મુકામે ભાડેશીયા પરિવાર દ્વારા સુરાપુરાદાદાના સાનિધ્યમાં હવન યોજાયો

## રાંદલ માતાજીના ૨ લોટા ઉત્સવની પણ ઉજવણી : ૧૯૯ વર્ષ પહેલા સુરાપુરા દાદાનું સ્થાપન : ચાર વર્ષ પહેલા થયો જીર્ણોદ્ધાર







ભાડેશીયા પરિવાર દ્વારા રાજકોટ નજીક બેડી પાસે ખોરાળા ગામે માતાજીના લોટા અને સુરાપુરા દાદાના હવનનો કાર્યક્રમ તા. ૧૬-૧૧-૨૩ના રોજ યોજાયો હતો. રાંદલ માતાજીના લોટા માતાજીના સ્થાનકે તેડવામાં આવ્યા હતા. જયારે સુરાપુરાદાદાના સાંનિધ્યમાં જ હવન યોજવામાં આવ્યો હતો. હવનમાં સંજયભાઇ નારણભાઇ અને પ્રફુલાબેન, દિપકભાઇ દયાળજીભાઇ અને મનીષાબેન, વિપુલભાઇ ગોવિંદભાઇ અને કિંજલબેન, કેતનભાઇ હરજીવનભાઇ અને વંદનાબેન, અલ્પેશભાઇ જીવનભાઇ અને સોનલબેન, રાજેશભાઇ ગીરધરભાઇ અને જસ્મીતાબેન, અરૂણભાઇ જયંતિભાઇ અને ભારતીન, વિક્રમભાઇ હરજીવનભાઇ અને હેતલબેન તેમજ પૂર્વલ અતુલભાઇ અને વિધીન સાતકમાં બેઠા હતા અને યજ્ઞકાર્ય સંપન્ન કરાયું હતું.

ખોરાળામાં સુરાપુરાદાદાની સ્થાપના ૧૮૨૫માં એટલે કે ૧૯૯ વર્ષ પહેલા થઇ હતી. ખોરાળ ગામના પાદરમાં બિરાજતા સુરાપુરાના સ્થાનકનો ચારેક વર્ષપહેલા જીર્ણોદ્ધાર કરાયો હતો. અને કમ્પાઉન્ડ વોલ, રૂમ તેમજ પ્રસંગ થાય તેવી સુવિધાઓ ઉભી કરવામાં આવી હતી.


યજ્ઞ કાર્યમાં આવેલ તમામ ભાડેશીયા પરિવારે પ્રથમ માતાજીના સ્થાનકે માતાજીના અને રાંદલ માતાજીના દર્શન અને પુજા કરી હતી.

ભાડેશીયા પરિવારના સંજયભાઇ નારણભાઇ(રાજકોટ), જગદીશભાઇ (ખોરાળા), ચમનભાઇ (ખોરાળા), અતુલભાઇ (રાજકોટ), જીતેન્દ્રભાઇ (ખોરાળા), હિતેશભાઇ (મોરી), વગેરેએ આયોજન સફળ બનાવ્યું હતું.

યજ્ઞ કાર્ય પૂર્ણ થયા બાદ ખોરાળાના પાદરમાં બિરાજતા જાગનાથ મહાદેવની વિશાળ જગ્યામાં પોણા ત્રણસો જેટલા ભાઇ-બહેનોએ સમુહ પ્રસાદ લીધો હતો.

**(અહેવાલ : સંજય ભાડેશીયા)**

# બકરાણિયા પરિવાર દ્વારા દેવમંદિર ચેલા ખાતે યજ્ઞ અને સ્નેહમિલન યોજાયુ





બકરાણિયા પરિવાર ચેલા ભણગોર ગોઠીના દેવસ્થાન શ્રી દેવમંદિર ચેલા ખાતે આશરે ૨૨ વર્ષથી અવિરત યોજાતો યજ્ઞ તથા સમુહ ભોજનનો કાર્યક્રમ કારતક સુદ ૭ને તા. ૧૯-૧૧-૨૦૨૩ને રવિવારના રોજ યોજવામાં આવેલ.

કાર્યક્રમની શરૂઆતમાં વહેલી સવારમાં માતાજીની પુજા આરતી સાથે યજ્ઞની શરૂઆત કરવામાં આવેલ. ગત વર્ષના કાર્યક્રમમાં થયેલ ડ્રો મુજબના પરિવાર યજમાન પદે બિરાજેલ. જેમાં પરિવારના જામનગર જીલ્લા શહેર તેમજ બહારગામ અમદાવાદ ભિવંડી રાજકોટ ઉપલેટા સાથે ઘણા ગામ તેમજ શહેરમાં વસતા પરિવારજનો ઉપસ્થિત રહેલ.

આ કાર્યક્રમ દરમ્યાન પરિવારની પરંપરા મુજબ પરિવારનાં દેવસ્થાનોની જાણવણી તેમજ આગામી કાર્યની જાણકારી પરિવારના હાજર રહેલ સભ્યોને મળી રહે તે માટે ચર્ચા વિચારણાની એક મિટીંગ પણ યોજવામાં આવેલ જેમાં કાર્યકર્તાઓ દ્વારા તમામ માહિતી આપવમાં આવેલ સાથે આ દેવસ્થાનોના શરૂઆતના સમયથી અત્યાર સુધીના પરિવારના વડીલો દ્વારા કરવામાં આવેલ કાર્યને બિરદાવામાં આવેલ. આગામી યજ્ઞના યજમાન પદે બેસવા માટેનો ડ્રો કરવામાં આવેલ સાથે કાર્યકર્તાઓ દ્વારા પરિવારના સભ્યો પાસે કરવામાં આવતા કાર્ય બાબત સલાહ સુચન માંગવામાં આવેલ તેને પરિવારના સભ્યો દ્વારા કરવામાં આવતા કાર્ય બરાબર છે તેવુ જણાવતા સાથે તાળીઓના ગડગડાટ સાથે અનુમતીથી સહુ કાર્યકર્તાઓના ઉત્સાહમાં વધારો થાય તેવી ભાવના સહ અભિવાદન કરવામાં આવેલ અને માતાજી જયકારાના નાદ સાથે યજ્ઞમાં બિડુ હોમવાની સાથે આરતી કરતા યજ્ઞની પુર્ણાહુતી કરવામાં આવેલ.

આ કાર્યક્રમમાં આવેલ પરિવારની બહેનો દ્વારા તૈયાર કરવામાં આવેલ નૈવિધ્ય પ્રસાદના વિતરણ બાદ બહેનો દ્વારા માતાજીના રાસ ગરબા પણ ઉત્સાહ સાથે યોજાયેલ. સાથે આશરે ૪૫૦ થી ૫૦૦ પરિવારજનોનો મહાપ્રસાદનું પણ આયોજન કરવામાં આવેલ.

આ કાર્યક્રમને સફળ બનાવવા માટે અગાઉના દિવસે તેમજ યજ્ઞના દિવસે પરિવારના આશરે ૪૦ થી ૫૦ ભાઇઓ તથા બહેનોની ટીમ દ્વારા કાર્ય કરવામાં આવેલ.

**(અહેવાલ : કીરીટભાઇ બકરાણિયા)**

# અમદાવાદમાં યુથ ફોરમ દ્વારા આદર્શ લગ્ન સંપન્ન







શ્રી સૌરાષ્ટ્ર ગુર્જર સુતાર જ્ઞાતિ યુથફોરમ-નવાવાડજ-અમદાવાદ દ્વારા નિયમિત રીતે 'આદર્શ લગ્ન'નું પ્રશંસનીય આયોજન થાય છે. તારીખ ૨૮/૧૧/૨૩ને મંગળવારના શુભ દિન ૨૫-૨૬માં લગ્નનુ આયોજન થયેલ આ શુકનવંતા દિને સૌ.કા.વિભૂતિ સંગ ગૃ.કા. ભાર્ગવ તથા સૌ.કા.દિવ્યા સંગ ગૃ.કા. મનને લગ્ન ગ્રંથીના પાવન બંધનથી જોડાય ગૃહસ્થાશ્રમમાં મંગલ પ્રવેશ કરેલ છે. અનુદાતાની ઉદારતા, કાર્યકરોના, મહેમાનોનો વિવેક તથા સમાજ સમુદાયના અનહદ સહકારથી આ લગ્ન તથા આ અભિયાન બેહદ સફળ રહેલ છે. શ્રી વિશ્વકર્મા-મહિલા ભજન મંડળ-નવાવાડજની બહેનોએ લગ્ન ગીતોની રમઝટ બોલાવી વાતાવરણ રંગીન બનાવેલ. લગ્નકર્તાઓએ ગરબા તથા નૃત્યની મોજ પણ માણેલ. કરિયાવર અર્પણવિધિમાં સર્વે દાતાઓએ હાજરી આપી અવસરનો ઉત્સાહ વધારેલ. હવે પછી તારીખ ૧૦/૧૨ અને ૧૫/૧૨ના બે બે લગ્નો સંપન્ન થશે. સંક્ષિપ્તમાં, ભોજન તથા અન્ય વ્યવસ્થાથી સૌએ હર્ષ વ્યક્ત કરેલ. સૌએ આનંદ અને સસ્મિત વિદાય લીધેલ અને અવસર આયોજન માટે રાજીપો દર્શાવેલ. **(અહેવાલ : શાંતિભાઇ ખોડદીયા)**

## ગોંડલ નજીક પરિવારની જગ્યા ખાતે

# નગેવાડિયા પરિવાર દ્વારા કુળદેવીના મઢનો શિલાન્યાસ તથા નવચંડી યજ્ઞ યોજાયો







સમસ્ત નગેવાડિયા પરિવાર દ્વારા પ્રતિવર્ષની જેમ આ વર્ષે પણ કારતક સુદ-૮ તા. ૨૦-૧૧-૨૦૨૩ને સોમવારના રોજ પરિવારના કુળદેવી ચામુંડા માતાજીનો નવચંડી યજ્ઞ યોજાયો હતો. આ યજ્ઞ પરિવારની ગોંડલ હાઈવે પરના લીલીયાળા ગામ પાસેની જગ્યામાં યોજાયો હતો. આ જગ્યામાં કુળદેવી ચામૂંડા માતાજીનો મઢ બનાવવાનો હોય તેનો શિલાન્યાસ પણ આ પ્રસંગે કરવામાં આવેલ.



સમસ્ત નગેવાડિયા પરિવાર દ્વારા તા. ૨૦-૧૧-૨૩ સોમવારના રોજ યોજાયેલ નવચંડી યજ્ઞનો પ્રારંભ સવારે ૮ વાગ્યે થયો હતો. અને બપોરે ૪.૩૦ કલાકે ઉપસ્થિત સમસ્ત નગેવાડિયા પરિવારના પરિવારજનોની હાજરીમાં બીડુ હોમવામાં આવેલ. આ યજ્ઞમાં શાસ્ત્રી તરીકે રાઘવભાઇ ભવાનીશંકર રહયા હતાં. અને યજ્ઞમાં સાતક તરીકે ડ્રોમાં ભાગ્યશાળી બનનાર બે પરિવાર બેઠા હતાં. જેમાં રાજકોટ નિવાસી વિશાલ કૌશિકભાઇ નગેવાડિયા તથા પરિવાર તથા લંડન નિવાસી રાજેશભાઇ દામજીભાઇ નગેવાડિયા તથા પરિવાર યજ્ઞમાં બેઠા હતાં. રાજેશભાઇ આ યજ્ઞમાં સાતક બેસવા ખાસ લંડનથી તેમના ભાઇ-બહેન તથા તેમના પરિવાર સાથે પધાર્યા હતા.

આ પ્રસંગે પરિવારની આ જગ્યામાં બંધાનાર કુળદેવી ચામુંડા માતાજનાં મઢનો શિલાન્યાસ બપોરે ૧૨.૩૦ કલાકે અભિજીત મુહૂર્તમાં બ્રાહણોના મંત્રોચ્ચાર અને પરિવારજનોના જયઘોષ સાથે વિધીવત કરવામાં આવેલ. આ શિખરબદ્ મઢ રાજસ્થાનના ખાસ પથ્થરમાંથી બનાવવામાં આવશે અને આ મઢનું પ્રથમ તબક્કાનું કામ ટુંક સમયમાં શરૂ કરવામાં આવનાર છે. આ મઢની બાજુમાં ગોંડલ ખાતે આવેલ સુરાપુરાદાદાના સ્થાનકને સુરાપુરાદાદાની રજા મળે ત્યારે ભવિષ્યમાં સુરાપુરાદાદાનાં સ્થાનક પણ અહીં બનાવવામાં આવશે.

આ પ્રસંગે રાજકોટ, ગોંડલ, અમદાવાદ, વડોદરા, જામનગર, મુંબઇ સહિત ગામોથી પરિવારજનો પધાર્યા હતા. આ પ્રસંગે બપોરે ફરાળ તેમજ સાંજે ૬ કલાકે મહાપ્રસાદ પરિવારજનોએ લીધો હતો.

આ સમગ્ર કાર્યક્રમનાં આયોજનમાં સમસ્ત નગેવાડિયા પરિવારના પ્રમુખ રાકેશભાઇ પોપટભાઇ તેમજ પરેશભાઇ નરોતમભાઇ, જીજ્ઞેશભાઇ હરગોવિંદભાઇ સચીન જયસુખભાઇ, ભાવેશ પ્રવીણભાઇ, અંકિત જયંતીભાઇ, અમિત ભરતભાઇ, તુષાર લલિતભાઇ, અમિત હરેશભાઇ, અંકુર અનિલભાઇ, રાહુલ રસીકભાઇ વગેરે કાર્યકરોએ જહેમત ઉઠાવી હતી.

**(અહેવાલ : જયંતીભાઇ નગેવાડિયા)**

# નટવર આહલપરાના વિઠલભાઈ પટેલ વિષેના નિબંધને દ્વિતીય પારિતોષીક



શ્રી સરદારભવન ટ્રસ્ટ, સરદાર ભવન, જ્યુબિલી બાગ પાસે, વડોદરા દ્વારા 'વીર વિઠ્ઠલભાઈ પટેલનું જીવન અને કાર્ય' વિષય પર ઓપન ગુજરાત નિબંધ હરીફાઇ યોજાઇ હતી. આ હરીફાઇમાં બીજું પારિતોષિક નટવર આહલપરાને પ્રાપ્ત થયું હતું તે બદલ કાર્યક્રમના અતિથિ વિશેષ અને જાણિતા કવિ, લેખક અને પત્રકાર દુર્ગેશભાઈ ઉપાધ્યાયે નટવર આહલપરાનું સન્માન કરી પારિતોષિક એનાયત કર્યું હતું. કાર્યક્રમ તા.૩૧.૧૦.૨૦૨૩ મંગળવારે સવારે ૧૦.૩૦.થી ૧૨.સુધી યોજાયો હતો.

# શ્રી રાજકોટ વિ.કે. મંડળ ખાતે સ્કોલરશીપ માર્ગદર્શન સેમીનાર યોજાયો

## રશ્મિભાઇ ભાડેશીયા, નટુભાઇ ભારદીયા અને ઉજજવલ સોલંકીએ આપ્યું માર્ગદર્શન





સરકારમાંથી મળતી વિવિધ સ્કોલરશીપ (શિષ્યવૃત્તિ) અંગેના એક સેમિનારનું આયોજન શ્રી રાજકોટ વિશ્વકર્મા મંડળ દ્વારા તારીખ ૧૫-૧૦-૨૦૨૩, રવિવારે કરવામાં આવેલ હતું.

આ સેમિનારમાં વિશ્વકર્મા કેળવણી મંડળ અધ્યક્ષ શ્રી કિશોરભાઈ જાદવાણી, પ્રમુખ ચંદ્રેશભાઈ ખંભાયતા, ઉપપ્રમુખ વસંતભાઈ ભાલારા માનદ મંત્રી શ્રી નટુભાઈ ભારદિયા ઉપસ્થિત રહેલ હતા.

આ સેમિનારમાં ધોરણ ૧ થી ૧૨ અને કોલેજની બધી જ વિદ્યા શાખામાં સરકારમાંથી મળતી વિવિધ સ્કોલરશીપની માહિતી વી.વી.પી. એન્જિનિયરિંગ કોલેજવાળા અને સંસ્થાના મંત્રી નટુભાઈ ભારદિયા, આર.કે. યુનિવર્સિટીના રશ્મિભાઈ ભાડેશીયા તેમજ દર્શન યુનિવર્સિટીના પ્રોફેસર ઉજવલ સોલંકી દ્વારા જરૂરી માહિતી આપવામાં આવેલ. આપણા સમાજને કઈ કઈ સ્કોલરશીપ મળી શકે, ક્યાં ક્યાં ડોક્યુમેન્ટસની જરૂર પડે, ગુજરાત સરકાર અને કેન્દ્ર સરકાર ની કઈ કઈ સ્કોલરશીપ મળી શકે, કઈ કઇ સ્કોલરશીપમાં કેટલી કેટલી રકમ મળી શકે તેની વિગતો તેમજ ફોર્મ કેવી રીતે ભરવામાં આવે તેની માહિતી આપવામાં આવેલ હતી.

આ સેમિનારમાં ૩૦૦થી વધુ વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓ ઉપસ્થિત રહેલા હતા. કાર્યક્રમને અંતે વિદ્યાર્થીઓ અને વાલીઓ માટે અલ્પાહારની વ્યવસ્થા કરવામાં આવેલ હતી. કાર્યક્રમનું આયોજન મંત્રી નટુભાઈ ભારદીયાએ કરેલ અને સફળ બનાવવા ઉપપ્રમુખ વસંતભાઈ ભાલારા, પ્રકાશભાઈ દુદકીયા, સહમંત્રી કિશોરભાઈ બોરણીયા, નિલેશભાઈ આમરણીયા, જનકભાઈ વડગામાં, અરવિંદભાઈ ત્રેટીયા તથા અન્ય કારોબારી સભ્યોનો અને કાર્યકર્તાઓનો સહયોગ મળેલ હતો

આ ઉપરાંત જે વિદ્યાર્થીઓને સ્કોલરશીપ મળવાપાત્ર છે અને તેમની પાસે પૂરતા ડોક્યુમેન્ટસ હોય છતાં જો તેમને ઓન લાઇન ફોર્મ ભરતા ન આવડે તો ઓન લાઇન ફોર્મ ભરવાની વ્યવસ્થા (કેમ્પ) કેળવણી મંડળ ખાતે તા. ૨૨-૧૦-૨૦૨૩ના રોજ રાખવામાં આવેલ હતો જેમાં વિદ્યાર્થીઓને ફોર્મ ઓનલાઇન ભરી આપવામાં આવેલ હતા.

ફોર્મ ભરવામાં રશ્મિભાઈ ભાડેશીયા, નટુભાઈ ભારદીયા અને કેળવણી મંડળમાં ચાલતા કુમાર છાત્રાલયના વિદ્યાર્થીઓ મદદરૂપ થયા હતા.

**(અહેવાલ : નટુભાઇ ભારદીયા)**

# શ્રી રાજકોટ વિશ્વકર્મા કેળવણી મંડળ દ્વારા ૨૪મીએ સન્માન સમારોહ

## તેજસ્વી વિદ્યાર્થીઓ, દાતાઓ અને વિશિષ્ટ પ્રતિભાઓનું સન્માન કરાશે

શ્રી રાજકોટ વિશ્વકર્મા કેળવણી મંડળ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ ગુર્જર સુતાર સમાજ-રાજકોટનાં તેજસ્વી વિદ્યાર્થીઓ, અનુદાન આપનાર દાતાશ્રીઓ અને જ્ઞાતિનું નામ રોશન કરનાર વિશિષ્ટ પ્રતિભાઓનો સન્માન સમારોહ તા. ૨૪.૧૨.૨૦૨૩ રવિવારનાં રોજ સાંજે ૫ વાગ્યે યોજાશે.



જેમાં ધોરણ ૫ થી ૭ મા ૮૫% કે તેથી થી વધુ, ધોરણ ૮ થી ૯ મા ૮૦% કે તેથી થી વધુ, ધોરણ ૧૦ મા ૭૫% કે તેથી વધુ, ધોરણ ૧૧ અને ૧૨માં ૬૦% કે તેથી વધુ અને કોલેજના છેલ્લાં વર્ષમાં ૬૫% કે તેથી વધું માર્ક આવેલ હોય અને મેડિકલ અને CAમાં પાસ થનારનું સન્માન કરવામાં આવશે.

દરેક વિદ્યાર્થીઓએ પોતાની માર્કસશીટની કોપી નામ, સરનામું, ફોન નંબર લખીને વિશ્વકર્મા કેળવણી મંડળની ઓફીસમાં તા. ૧૫-૧૨-૨૦૨૩ સુધીમાં આપી જવી.

આ ઉપરાંત વર્ષ ૨૦૨૩માં બોર્ડ કે યુનિવર્સિટીમાં પ્રથમ આવેલ, C.A., Ph.D., MBBS પાસ કરેલ હોય. તેમજ સ્પોર્ટસ, સાયન્સ વગેરેમાં સ્ટેટ કે નેશનલ લેવલે વિજેતા થયેલ હોય. વગેરેએ પોતાના પ્રૂફ સાથેની વિગત ઓફીસમા જમા કરાવવા વિનંતિ. કમિટી દ્વારા પસંદ થયેલાઓનું વિશિષ્ટ પ્રતિભા તરીકે અલગથી સન્માન કરવામાં આવશે.

વિદ્યાર્થીઓ અને વિશિષ્ટ પ્રતિભાઓ કાયમી રાજકોટમાં રહેતા હોય તેના માટે જ રહેશે છે.

આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન, અતિથી વિશેષશ્રીઓ, સંસ્થાના આજીવન સભ્યો, આ વર્ષમાં અને અગાઉના વર્ષોમાં અનુદાન આપેલ દાતાશ્રીઓ, વિદ્યાર્થીઓ અને તેના વાલીઓ તેમજ રાજકોટ અને બહારગામની સંસ્થાઓના હોદેદારો ઉપસ્થિત રહેશે.

વધુ વિગત માટે મંત્રી શ્રી નટવરભાઈ ભારદિયા ૯૮૨૪૫૧૧૦૯૧ / વિશ્વકર્મા કેળવણી મંડળની ઓફીસ ૨૪૬૨૨૯૨ (સવારે ૯:૩૦ ૧૨:૩૦, સાંજે ૪ થી ૭)નો સંપર્ક કરવો.

કાર્યક્રમને સફળ બનાવવા અધ્યક્ષ શ્રી કિશોરભાઈ જાદવાણી, પ્રમુખ ચંદ્રેશભાઈ ખંભાયતા, મંત્રી નટવરભાઇ ભારદીયા તેમજ સંસ્થાના ટ્રસ્ટીઓ, કારોબારી સભ્યો અને કાર્યકર્તાઓ જહેમત ઉઠાવી રહ્યા છે.

# શ્રી વિશ્વકર્મા એજ્યુકેશન ટ્રસ્ટ, જામનગર દ્વારા તા. ૨૨-૧૦ના રોજ ઉચ્ચ અભ્યાસ માટે આર્થિક સહાયના ચેકોનું વિતરણ




શ્રી વિશ્વકર્મા એજ્યુકેશન ટ્રસ્ટ, જામનગર દ્વારા તા. ૨૨-૧૦-૨૦૨૩, રવિવારના રોજ જામનગર ફેકટરી ઓનર્સ એસોસીએશન ઓડીટોરીમય, શંકર ટેકરી ઉદ્યોગનગર, જામનગર ખાતે સતત ૧૫માં વર્ષે શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪ માટે ઉચ્ચ અભ્યાસ માટે આર્થિક સહાયના ચેકોનું વિતરણ તથા તેજસ્વી વિદ્યાર્થીઓને કીટ વિતરણ કરવામાં આવેલ.


સૌ પ્રથમ દિપ પ્રાગટ્ય કરવામાં આવેલ અને હાજર રહેલાઓનું શાબ્દિક સ્વાગત કરવામાં આવેલ.

ત્યારબાદ પ્રમુખ શ્રી મનોજભાઇ પેશાવરીયાએ ટ્રસ્ટના અહેવાલ રજુ કરતા જણાવેલ કે આ ટ્રસ્ટ દ્વારા આપણા સમાજના આર્થિક જરૂરીયાતવાળા વિદ્યાર્થીઓને આર્થિક સહાય ચુકવવામાં આવેલ. આ ટ્રસ્ટ દ્વારા વર્ષ ૨૦૦૭ થી ૨૦૨૨ સુધી કુલ-૧૫૫૦ જામનગર તથા દેવભૂમિ દ્વારા જીલ્લાના ગુર્જર સુતાર જ્ઞાતિના વિદ્યાર્થીઓને રૂા. ૯૭ લાખ જેટલી મોટી રકમની આર્થિક સહાય ચુકવવામાં આવેલ છે. તેમજ ચાલુ ૨૦૨૩ના વર્ષમાં કુલ ૯૫ વિદ્યાર્થીઓને રૂા. ૮,૨૫,૦૦૦ જેટલી રકમના ચેકનું વિતરણ કરવામાં આવેલ. સાથોસાથ ચાલુ વર્ષે ધો. ૧થી કોલેજ અને પોસ્ટ ગ્રેજ્યુએટ સુધીના અંતિમ વર્ષના કુલ-૫૯ તેજસ્વી તારલાઓને બેકપેક કીટ આપી સન્માનિત કરવામાં આવેલ.

આ કાર્યક્રમમાં ધો. ૧૦(એસએસસી)માં ૯૧.૮૩ ટકા મેળવી આપણા સમાજમાં પ્રથમ આવનાર વિદ્યાર્થીની બ્રિન્દા વિજયભાઇ ભારદીયાને સ્વ. વજુભાઇ ખારેચા પારિતોષિક તથા રૂા. ૧૧,૦૦૦નો પુરસ્કાર આપી સન્માનિત કરવામાં આવેલ.

આ કાર્યક્રમ સફળ બનાવવા ટ્રસ્ટ પરિવારના ટ્રસ્ટીઓ જયદીપભાઇ ગોરેચા, રમેશભાઇ ભારદીયા, ભુપેન્દ્રભાઇ વેકરીયા, ચંદ્રકાંતભાઇ બકરાણિયા, અમીતભાઇ ખારેચા, સભ્યશ્રીઓ યતિનભાઇ છત્રાલીયા, નાનુભાઇ આમરણીયા, ભરતભાઇ છત્રાલીયા, કિરીટભાઇ બકરાણિયા, ભુદરજીભાઇ સંચાણીયા, પ્રફુલભાઇ બકરાણિયા, મણીલાલ વડગામા, વિનોદભાઇ છત્રાલીયા, દેવરામભાઇ સુરેલીયા, રાજેશભાઇ ભારદીયા, અરવિંદભાઇ બકરાણિયા, ધીરૂભાઇ વાલંભીયા, અરવિંદભાઇ સુરેલીયા, વિનોદભાઇ બકરાણિયા, બિરેનભાઇ બકરાણિયા, હિતેષભાઇ વિશરોલીયા, પરેશભાઇ અઘેરા, જીવનભાઇ બકરાણિયા, ભરતભાઇ જાદવાણી, મનીષભાઇ વિરમગામા, ચેતનભાઇ બકરાણિયા, સુરેશભાઇ વડગામા, મહેશભાઇ અંબાસણા, દિપકભાઇ વિશરોલીયા, મનસુખભાઇ વિશરોલીયા વગેરેએ સહિયારી જહેમત ઉઠાવેલ.

# વિશ્વકર્મા વિશ્વના દીપોત્સવી વિશેષાંકનું સાંસદ શ્રી રામભાઇ મોકરીયાના હસ્તે વિમોચન



રાજકોટથી પ્રસિદ્ધ થતા કલા-કારીગરી અને કૌશલ્યને ઉજાગર કરતા વિશ્વકર્મા પરિવારના એકમાત્ર મલ્ટી મીડિયા મેગેઝીન વિશ્વકર્મા વિશ્વ મેગેઝીનના દિપોત્સવી વિશેષાંકનું વિમોચન રાજ્ય સભાના સાંસદ શ્રી રામભાઇ મોકરીયાના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. આ શુભ અવસરે શહેર ભાજપના પ્રમુખ શ્રી મુકેશભાઇ દોશી, શિક્ષણ સમિતિના ચેરમેન વિક્રમભાઇ પુજારા, રાજકોટ ગુર્જર સુતાર જ્ઞાતિ કન્યા છાત્રાલયના ચેરમેન શ્રી જગુભાઇ ભારદીયા, ભારતીય જનતા પક્ષના કોર્પોરેટર અને પંચનાથ હોસ્પિટલના ટ્રસ્ટી દેવાંગ માંકડ અને વિશ્વકર્મા વિશ્વના તંત્રી શ્રી પ્રવીણ ગજજર પણ આ વિમોચન સમારોહમાં ઉપસ્થિત રહયા હતાં.

આ પ્રસંગે શ્રી રામભાઇ મોકરીયાએ વિશ્વકર્મા વિશ્વના દ્વિદશાબ્દી વર્ષ નિમિત્તે હાર્દિક શુભેચ્છા આપી હતી અને વિશ્વકર્મા વિશ્વનો વ્યાપ દેશ-વિદેશમાં વધતો રહે તેવી શુભેચ્છા આપી દેશ-વિદેશના વિશ્વકર્મા પરિવારને દીપોત્સવ પર્વ અને નવા વર્ષની હાર્દિક શુભેચ્છા પાઠવી હતી.

શહેર ભાજપના પ્રમુખ મુકેશભાઇ દોશી અને શિક્ષણ સમિતિના ચેરમેન વિક્રમભાઇ પુજારાએ વિશ્વકર્મા વિશ્વના દળદાર દીપોત્સવી અંકની પ્રશંસા કરી હતી અને વિશ્વકર્મા પરિવારને દીપોત્સવ પર્વ દીપોત્સવીની હાર્દિક શુભેચ્છા આપી હતી.

# ગજજર સખી વૃંદ દ્વારા પદગ્રહણનો કાર્યક્રમ યોજાયો









(તસવીરો : હરસુખ પિલોજપરા)

ગજજર સખી વૃંદ દ્વારા તા. ૧૧/૧૦/૨૦૨૩ બુધવારના રોજ સાંજે શ્રી રાજકોટ વિશ્વકર્મા કેળવણી મંડળમા પદગ્રહણનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.



ગજજર સખીવૃંદ ૧૯ વર્ષ પૂર્ણ કરીને ૨૦માં વર્ષમાં મંગલ પ્રવેશ કર્યો. બધી સખીઓ હાજર રહીને કાર્યક્રમને ઉત્સાહ પુરો પાડયો હતો. ગજજર સખી વૃંદમાં દર બે વર્ષ માટે તે જ પ્રમુખ તરીકે સેવા બજાવે છે. પ્રમુખ તરીકે હાલમાં ડોલીબેન વૈભવભાઇ તલસાણિયા સેવા બજાવે છે.

મહેમાન તરીકે જામનગરથી રમેશભાઇ ભારદીયા, હીનાબેન રમેશભાઇ ભારદીયા તથા મનોજભાઇ પેશાવરીયા, અહીં આવીને પોતાનું સ્થાન શોભાવ્યું હતું. બીજા મહેમાન તરીકે રાજકોટના કણસાગરા કોલેજના પ્રિન્સીપાલ જયોતિબેન રાજયગુરૂએ સહર્ષ પોતાનું સ્થાન દીપાવ્યું હતું.

આ કાર્યક્રમમાં ગત વર્ષનો નાણાકીયા હિસાબ મીનાબેન વડગામાએ રજુ કર્યો હતો. આખા વર્ષ દરમ્યાન થયેલી પ્રવૃત્તિનો અહેવાલ વર્ષાબેન રાણપરીયાએ આપ્યો હતો. પ્રોજેકટર દ્વારા સખીવૃંદના ફોટાગ્રાફ બતાવવામાં આવ્યા હતાં.

પ્રમુખ ડોલીબેન તલસાણિયાએ બધાને સ્વાગત પ્રવચનમાં આવકાર્યા હતા. અને બધી જ મિટીંગ સારામાં સારી પ્રવૃત્તિઓ કરીને આપશે તેવી બધાને વાત કરીને આભાર વ્યકત કર્યો હતો.

ગજજર સખી વૃંદની બધી પ્રવૃત્તિઓનો અહેવાલ જોઇને જામનગરથી પધારેલ રમેશભાઇ ભારદીયા અને મનોજભાઇ પેશાવરીયાએ રૂા. અગિયાર હજાર દાન આપ્યું હતું.

સ્થાપક પ્રમુખ ઉત્પલાબેન જાદવાણીએ આ મળેલ દાન કોઇ સારી પ્રવૃત્તિઓ માટે વાપરીએ છીએ તેમ કહયું. બીજી જાહેરાત એ કરી કે નવી કમિટી નવા ચહેરા આવે તેવી ઇચ્છા વ્યકત કરી અને સમાજ માટે રચનાત્મક કામ થાય તેવી સ્પષ્ટ વાત મુકી.

મનોજભાઇએ પોતાના વ્યકતમાં તેમણે કરેલા પ્રવાસથી જીવનમાં અનુભવોની બહુ સરસ વાતો કરી. પ્રો. જયોતિબેન (રાવલે) રાજયગુરૂએ નાની નાની વાર્તાઓ દ્વારા ખુબ સારી હકારાત્મક વાતો કરી. વિચારોને બંધિયાર બનતા અટકાવવા માટે સાત દિવસની અંદર નવું વાચવાનું ટેવ વિકસાવવા માટે ટકોર કરી. કુવામાના દેડકા જેમ ન રહેતા દરિયાનો દેડકો બનો તેવી ટકોર કરી. ગમે તે વસ્તુ પેટમાં ન નખાય તો ગમે તે વિચાર મગજમાં કેમ રખાય ? આ સિવાય તેમણે ઘણીબધી વાતો કરી. જેમાં માતાનું ઋણ, સ્ત્રીશકિતની, આશીર્વાદ, લગ્નસંસ્થા વગેરે. ટુંકમાં બધા જને તેમના વ્યકતત્વએ નીકળી રાખ્યા અને પ્રભાવિત કર્યા.

રશ્મિબેન ખંભાયતાએ જુદી જુદી સરપ્રાઇઝ ગેમ રમાડી. જેમાં સૌથી વધારે લગ્નને વર્ષ થયા હોય તેવું કપલ-દીપ્તીબેન અખીયાણા કપલ વોચ જે કપલે પહેર્યું હોય તેવું કપલ આરતીબેન તલસાણિયા, સૌથી પહેલું એવું કપલ જેણે હોલમાં એન્ટ્રી હોય નયનાબેન પિલોજપરા વિજેતા બન્યા હતાં. આ સિવાય ઘણી બધી સરપ્રાઇઝ ગેઇમ રમાડી હતી.

પ્રમુખશ્રી ડોલીબેને તેમની કમિટીની જાહેરાત કરી ઉપપ્રમુખ વર્ષાબેન રાણપરીયા, મંત્રી દિયા વડગામા, સહમંત્રી રશ્મિબેન ખંભયતા, ખજાનચી કિરણબેન મહીધરીયા, સહ ખજાનચી મીનાબેન વડગામા, સ્થાપક પ્રમુખ ઉત્પલાબેન જાદવાણી, સ્થાપક કમિટી જયોત્સનાબેન તલસાણિયા, ઇલાબેન ગોવિંદીયા, શોભનાબેન ધ્રાંગધરિયા, કારોબારી સભ્યો વર્ષાબેન ગજજર, દિપ્તીબેન અઘેરા, માલતીબેન મેસવાણિયા.

**અહેવાલ : વર્ષાબેન રાણપરીયા.**

# ગુર્જર સખી વૃંદ દ્વારા યોજાયો નવરાત્રિ મહોત્સવ







(તસવીરો : હરસુખ પિલોજપરા)

દર વર્ષની જેમ આ વર્ષે પણ ગજજર સખી વૃંદ દ્વારા પાંચમા નોરતે નવરાત્રિ મહોત્સવનું સુંદર આયોજન કરવામાં આવ્યું.

સખી વૃંદના સભ્ય બહેનો તેમજ તેમની દીકરીઓ વહુઓ અને બાળકોએ ભાગ લીધેલો.



આપણી જ્ઞાતિના શ્રી વિશ્વકર્મા અર્વાચીન રાસોત્સવ ગુર્જર સુતાર જ્ઞાતિ માટે ગોંડલ રોડ માલવીયા કોલેજ સામેના મેદાનમાં આયોજન થાય છે. ત્યાંજ જ્ઞાતિના પ્રમુખશ્રી રસીકભાઇ બદ્રકિયાના સહકારથી તે જ જગ્યા મળેલી જેમાં સાંજના ૫ થી ૮ સુધી આયોજન કરવામાં આવેલું.

સૌપ્રથમ બધાએ સાથે મળી આરતી કરી. રાસગરબા સ્પર્ધા ૩૫ વર્ષથી નીચેના બહેનો, ૩૫ વર્ષથી ઉપરના બહેનો અને ૬૦ વર્ષથી ઉપરના બહેનો આમ ત્રણ વિભાગમાં રાખવામાં આવેલ.

સ્પર્ધાના જજ તરીકે લીનાબેન શાહ અને સોનલબેન ગણાત્રા આવેલા. આ બંને બહેનો રાસગરબા અને કુકીંગમાં ખુબ જ રસ ધરાવે છે. બંને બહેનોને પુષ્પગુચ્છ તેમજ ગીફ્ટ આપી સન્માનિત કરવામાં આવેલ.

જેટલા બાળકો રાસગરબા માટે આવેલા તે દરેકને ઇનામો આપી પ્રોત્સાહિત કર્યા.

પાંત્રીસ વર્ષથી નીચેના રાસગરબા સ્પર્ધાના વિજેતા શીતલ ગજજર, પિલોજપરા શીતલ, ગોવિંદીયા દેવના અને વેલડ્રેસમાં સ્વરા સંચાણિયા વિજેતા થયેલા તેમજ આશ્વાસન વિજેતા વડગામા ઈશા, વડગામા દિયા અને પંચાસરા જાનવી થયેલા.

પાંત્રીસ વર્ષથી ઉપરના બહેનોમાં હિરલ તલસાણિયા, ડોલી તલસાણિયા, આકૃતિ ખંભાયતા અને વેલડ્રેસમાં દિપાલી સંચાણિયા તેમ જ આશ્વાસન વિજેતા કિરણબેન મહીધરીયા, મીનાબેન વડગામા, માધુરી ગોવિંદીયા થયેલા.

સાંઇઠ વર્ષથી ઉપરના ગ્રુપમાં મૃદુલાબેન પેશાવરીયા, લતાબેન પેશાવરીયા, શોભનાબેન ધ્રાંગધરિયા, અનિતાબેન વડગામા અને વેલ ડ્રેસમાં ગોવિંદીયા ઇલાબેન વિજેતા થયેલા.

દરેક વિજેતાઓને ઇનામો આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા.

કાર્યક્રમને સફળ બનાવવા સ્થાપક પ્રમુખ ઉત્પલાબેન જાદવાણી, પ્રમુખશ્રી ડોલીબેન તલસાણિયા, વર્ષાબેન રાણપરીયા, રશ્મિબેન ખંભાયતા, કિરણબેન મહિધરીયા, માલતીબેન મેસવાણિયા તથા કમિટી મેમ્બર્સ જહેમત ઉઠાવી કાર્યક્રમને ખુબ જ સફળ બનાવ્યો.

**(અહેવાલ : માલતીબેન મેસવાણિયા)**

## જીએચપી ગ્રુપ દ્વારા યોગીન છનિયારાના નેતૃત્વમાં

# ગજજર રાસોત્સવમાં યૌવન હીલોળે ચડયું















રાજકોટમાં સુથાર સમાજ માટે અર્વાચીન રાસોત્સવની ૮ વર્ષ પહેલા શ્રી ગણેશ કરનાર જીએચપી ગ્રુપ દ્વારા તા. ૧૨-૧૦ના રોજ છઠ્ઠા ગજજર રાસોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. વિરાણી હાઇસ્કુલ ખાતે આયોજીત ગજજર રાસોત્સવમાં સાતેક હજારની ઉપસ્થિતિમાં ખેલૈયાઓએ રાસની રમઝટ બોલાવી હતી. ત્યારે યૌવન હીલોળે ચડયું હોવાનું દૃષ્ટિમાન થયું હતું.

જીએચપી ગ્રુપના અધ્યક્ષ યોગીન છનિયારા અને યુવાનો દ્વારા સાંધ્ય દૈનિક આજકાલના સહયોગથી આજકાલના મેનેજર અતુષ જોષીના સથવારે યોજાયેલા ગજજર રાસોત્સવનો પ્રારંભ પ્રદેશ ભાજપના ઉપાધ્યક્ષ ભરત બોઘરા, રાજકોટ ભાજપ પ્રમુખ મુકેશ દોશી, મહામંત્રી માધવ દવે, વિરેન્દ્રસિંહ ઝાલા, સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન જયમીન ઠાકર વગેરેના હસ્તે દીપ પ્રાગટયથી થયા બાદ ડી.જે. આર.જે. વિનોદના એન્કરીંગ અને ડી.જે. પંચાલ અને મશહુર ઓરકેસ્ટ્રા અને મુંબઇના ગાયક કલાકારોની સંગાથે ગજજર રાસોત્સવમાં ખેલૈયાઓ મન મુકીને નાચ્યા હતા અને નવરાત્રિને વેલકમ કરી હતી.

ગજજર રાસોત્સવ માણવા રાજકોટના મેયર નયનાબેન પેઢડીયા, ધારાસભ્ય દર્શીતાબેન, ડે. મેયર નરેન્દ્રસિંહ જાડેજા, શાસક પક્ષના નેતા નીલુબેન જાદવ, મહિલા પ્રદેશ અગ્રણી રક્ષાબેન બોળીયા, ભાજપના શ્રી નીલેશભાઇ જલુ, આજકાલના મોભી ધનરાજભાઇ જેઠાણી, તંત્રી ચંદ્રેશ જેઠાણી, શિક્ષણ સમિતિના પૂર્વ ચેરમેન નરેન્દ્રસિંહ ઠાકુર, પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ (મહીલા) ગાયત્રીબા વાઘેલા, કોંગી અગ્રણી અશોકસિંહ વાઘેલા, રજપુત કરણી સેના પ્રમુખ ચંદુભા પરમાર, સૌરાષ્ટ્ર કરણી સેનાના શ્રી કૃષ્ણસિંહ જાડેજા, રાજવીરસિંહ વાળા, બોલબાલા ટ્રસ્ટના જયેશભાઇ ઉપાધ્યાય, ભાજપના રાજદીપસિંહ જાડેજા, પુજાબેન પટેલ, ગોકુલ હોસ્પિટલના પ્રકાશભાઇ મોઢા, એડવોકેટ અરવિંદભાઇ ગજજર, ઉપરાંત અગ્રણી બિલ્ડરો, વેપારીઓ વગેરે ઉપસ્થિત રહયા હતા.

રાત્રીના અગિયાર સુધી બોલેલી રાસ-ગરબાનું ૧૨ જેટલા નિર્ણાયકોએ નિરીક્ષણ કરી પ્રિન્સ અને પ્રિન્સેસો જાહેર કર્યા હતા.




વિજેતાઓને અગ્ર ગુજરાતના તંત્રી સુનીલ જોષી, વિશ્વકર્મા વિશ્વના તંત્રી પ્રવીણ ગજ્જર, આજકાલના મેનેજર અતુલ જોષી, યોગીનભાઇ છનિયારા, મુકેશભાઇ પંચાસરા, ફિલ્મ સિટીના મયુરભાઇ શાહ, યશવંત ગોસ્વામી, જાણીતા આર્કીટેક્ટ પીલુભાઇ સીતાપરા, કવિતાબેન યોગીનભાઇ છનિયારા, કાજલબેન છનિયારા, જીએચપી ગ્રુપના હીરેન કલોલીયા સહિતના કાર્યકરોના હસ્તે ૬૦ જેટલા વિજેતાઓએ અને ઉપસ્થિત તમામ ૫૦ જેટલા બાળકોને ઇનામો અપાયા હતા.

જીએચપી ગુપના અધ્યક્ષ યોગીનભાઇ છનિયારા ઉપરાંત ગ્રુપના હીરેનભાઇ કલોલીયા, અનિલ ખંભાયતા, કિરીટ જોલાપરા, મુકેશ કરગથરા, મનિષ વીશાવડીયા, દેવાંગ ગજ્જર, દેવ ગજ્જર, સંજય કથ્રેચા, દીપક ભારદીયા, પ્રકાશ ભારદીયા, હર્ષદ સીનરોજા, ગીરીશ વડગામા, મનિષ દશાડીયા, અશોક અઘેરા, શૈલેષ ખંભાયતા, શૈલેષ વેકરીયા, મિહિર ખંભાયતા, વિપુલ અખીયાણીયા, પૂર્વેશ વડગામા, જનક પંચાસરા, ચંદ્રેશ વીસાવડીયા, કિશન ઘોરેચા, બકુલ ગોવિંદીયા, પિયુષ અઘેરા, વિરાજ ખંભાયતા, જયદીપ કરગથરા, પરેશ અનોવાડીયા, મહેન્દ્ર સાંકડેચા, વિજય સંચાણીયા, હિતેશ ખંભાયતા, હિતેશ વડગામા, ભરત અખીયાણીયા વગેરેએ આયોજન સફળ બનાવ્યું હતું.

**(અહેવાલ : હિરેન કલોલીયા)**

# સિહોરના દિવ્યાંગ દંપતી મનસુખભાઇ તથા રસીલાબેન કનોજીયાની અમરેલીના દિવ્યાંગ ચેરીટેબલ ટ્રસ્ટમાં હોદ્દેદારો તરીકે નિમણુંક





સિહોર ગુર્જર સુતાર જ્ઞાતિની કમિટીમાં સેવા આપતા દિવ્યાંગ દંપતીની દિવ્યાંગ ચેરીટેબલ ટ્રસ્ટ અમરેલીમાં આ દંપતીને હોદ્દેદાર તરીકે નિમણુંક થતાં સમસ્ત ગુર્જર સુતાર જ્ઞાતિમાં ઠેરઠેરથી અભિનંદન વર્ષા થઇ રહીછે.

સિહોર નિવાસી મનસુખભાઇ પોપટભાઇ કનોજીયા પોતે દિવ્યાંગ છે અને હાલમાં પોતાના એલઆઇસીમાં વ્યવસાયની સાથે સાથે જ્ઞાતિમાં અને અનેક દિવ્યાંગ સંસ્થાઓમાં પોતાની સેવા આપે છે. જેમાં મનુખભાઇ કનોજીયા હાલમાં સિહોર તાલુકામાં ગુર્જર સુતાર જ્ઞાતિમાં મહામંત્રી તરીકે તેમજ દિવ્યાંગ સેવાકીય કાર્યકર-સિહોર, શ્રી અપંગ પરિવાર કલ્યાણ કેન્દ્ર, ભાવનગરમાં ટ્રસ્ટી તરીકે હાલમાં પોતની સેવા આપી રહયા છે. આ ઉપરાંત હાલમાં જ અમરેલીની દિવ્યાંગ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ-અમરેલીમાં તેમને સૌરાષ્ટ્ર ઝોનના પ્રભારી તરીકે નિમણુંક કરવામાં આવેલ છે. આમ મનસુખભાઇ વધુ એક દિવ્યાંગ સંસ્થામાં જોડાયા છે.

આ ઉપરાંત મનસુખભાઇ કનોજીયાનાં પત્ની શ્રીમતી રસીલાબેન મનસુખભાઇ કનોજીયા કે જેઓ સિહોર તાલુકા સમસ્ત ગુર્જર સુતાર જ્ઞાતિ મંડળ સિહોરમાં મહિલા ઉપપ્રમુખ તરીકે જ્ઞાતિમાં સેવા આપી રહયા છે. રસીલાબેનની પણ હાલમાં અમરેલીની દિવ્યાંગ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ અમરેલીમાં ભાવનગર જીલ્લા મહિલા પ્રમુખ તરીકે નિમણુંક કરવામાં આવેલ છે.

મનસુખભાઇ અને રસીલાબેન કનોજીયાની દિવ્યાંગ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ અમરેલીમાં હોદ્દેદારો તરીકે નિમણુંક થતાં જ્ઞાતિમંડળો, દિવ્યાંગ સંસ્થાઓ તથા મિત્ર મંડળ તરફથી અભિનંદન વર્ષા થઇ રહી છે. અત્રે ઉલ્લેખનીય છે કે આ દિવ્યાંગ દંપતી ગુજરાતભરમાં કોઇપણ ગામ-શહેરમાં દિવ્યાંગ સંસ્થાઓના રમતગમત-દાંડીયારાસ કે સરકારી સંસ્થાઓના કાર્યક્રમોમાં તેઓ દિવ્યાંગ હોવા છતાં દિવ્યાંગોને પ્રોત્સાહિત કરવા દરેક કાર્યક્રમોમાં હાજરી આપે છે. મનસુખભાઇ ગુજરાતમાં દરેક ગામમાં જ્ઞાતિના કાર્યક્રમોમાં સિહોર જ્ઞાતિની કમિટીની સાથે મહામંત્રી તરીકે અચુક હાજર રહે છે.


**(અહેવાલ : જયંતીભાઇ નગેવાડિયા)**

# રાજકોટ મશીન ટુલ્સ એસો. દ્વારા ઉજવાયો નવરાત્રિ મહોત્સવ

## પ્રમુખ યોગીન છનિયારા અને સાથીદારોનું સફળ આયોજન












નવરાત્રિ પૂર્ણ થયા બાદ રાજકોટમાં દશેરાના પવિત્ર દિવસે રાજકોટ મશીન ટુલ્સ મેન્યુ. એશોસીએશન દ્વારા એસો.ના પ્રમુખ યોગીનભાઇ છનિયારાના નેતૃત્વમાં બાય બાય નવરાત્રિનું નવરાત્રિ મહોત્સવનું સાથીદારોના સહયોગથી સફળ આયોજન કરવામાં આવ્યું હતું. બાય બાય નવરાત્રિમાં એશો.ના સભ્ય પરિવાર અને આમંત્રિતોએ રાસ ગરબાની રમઝટ બોલાવી હતી. આ નવરાત્રિ મહોત્સવ માણવા મેયર નયનાબેન પેઢડીયા, ધારાસભ્ય ડો. દર્શીતાબેન શાહ સહિતના રાજકીય આગેવાનો ઉપરાંત શહેરના નામાંકિત ઉદ્યોગપતિઓ વેપારીઓ વગેરે ઉપસ્થિત રહયા હતા.



રાજકોટના નાના મવા રોડ પર રાઘે રજવાડી ગ્રાઉન્ડ ખાતે કરવામાં આવ્યું હતું. રાસની રમઝટ બોલાવાયા બાદ રાસોત્સવના ખેલૈયાઓને વિવિધ કેટેગરીના ઇનામોથી નવાજવામાં આવ્યા હતા. સંસ્થાના પ્રમુખ યોગીનભાઇ છનિયારા, ઉપપ્રમુખ હરેશ પટેલ, સેક્રેટરી તેજસ દુદકીયા, જો. સેક્રેટરી દેવલ ઘોરેચા, ખજાનચી કનકસિંહ ગોહેલ, ડાયરેક્ટરો સચીન નગેવાડિયા, બ્રીજેશ શાપરીયા, કરણ પરમાર, પિયુષ ડોડીયા, અશ્વિન કવા, કેતન ગજેરા, કો. ઓપ્ટ ડાયરેક્ટર બીપીન સિદ્ધપુરા, ઘનશ્યામ પરમાર, હરેશ ડોડીયા, રવી મારૂ, તેમજ મહેમાનોના હસ્તે ખેલૈયાઓના હસ્તે ઇનામોથી નવાજવામાં આવ્યા હતા. રાજકોટ મશીન ટુલ્સ ઉદ્યોગ દેશભરમાં જાણીતો છે. ૨૨૦થી વધુ ઉત્પાદકો દ્વારા ૮૦ પ્રકારના મશીનો બનાવાય છે. આવા મશીન ટુલ્સ ઉત્પાદકો સંસ્થાના સભ્યો છે. અને સૌરાષ્ટ્રના એકમો માટે વિવિધ પ્રકારના આયોજનો કરે છે.

**(અહેવાલ : યોગીન છનિયારા)**

# ઘર રંગોળી સ્પર્ધા-૨૦૨૩ની આકર્ષક રંગોળી



તૃપ્તિ બદ્રકિયા(વાંકાનેર)


કેતન છનિયારા (રાજકોટ)


રાધિકા જોલાપરા(રાજકોટ)


પુજા વડગામા (મુંબઇ)


મીરા ભાલારા (બીલાપર-મોરબી)


આરતી મેવાડા (વડાલી-સાબરકાંઠા)


ક્રિષ્ના ગોહેલ


ડિમ્પલ સાંકડેચા (રાજકોટ)


રિદ્ધિ ખારેચા (રાજકોટ)


જલ્પા દુદકીયા (બોટાદ)



ભાવિક જોલાપરા(જુનાગઢ)



ભાવના પરમાર (બોટાદ)


અંકિત બોરાણિયા (બરોડા)


રૂપલ ગજ્જર (નિકાવા)

VISHWAKARMA VISHWA(Gujarati), MONTHLY, RNI Regd. No. GUJGUJ/2013/49269. Post Reg. No. RAJKOT/497/2021-2023. Posted at Rajkot RMS on 10th of Every Month



# શ્રદ્ધાસુમન

સૌજન્ય, સદ્‌ભાવ, સ્નેહ, સૌમ્યતા જેનો સ્વભાવ
હતો, સહજતા અને ઉદારતા જેના સદ્‌ગુણો હતા,
પરમાર્થ અને પુરૂષાર્થ જેની કર્મનિષ્ઠા હતી તેવા
દિવ્ય આત્માને પ્રભુ શાંતિ અર્પે એ જ પ્રાર્થના...

**સ્વ. વિજયાબેન**
**અરજણભાઈ મહેમદાવાદિયા**
સ્વ. તા. ૨૪-૧૧-૨૦૨૩
(ઉંમર વર્ષ - ૯૫)

સ્વ. અરજણભાઈ હંસરાજભાઈ મહેમદાવાદિયા
વિનુભાઈ અરજણભાઈ મહેમદાવાદિયા - જ્યોત્સનાબેન વિનુભાઈ મહેદાવાદિયા
રાજુભાઈ અરજણભાઈ મહેમદાવાદિયા - રેણુકાબેન રાજુભાઈ મહેમદાવાદિયા
અશ્વિનભાઈ અરજણભાઈ મહેમદાવાદિયા - ભારતીબેન અશ્વિનભાઈ મહેમદાવાદિયા
જયેશભાઈ અરજણભાઈ મહેમદાવાદિયા - અંજનાબેન જયેશભાઈ મહેમદાવાદિયા
સરલાબેન મગનલાલ કલોલીયા (આફ્રિકા)
ઉષાબેન વિનોદકુમાર મેસવાણિયા (ઉપલેટા)
જયશ્રીબેન ધીરેનકુમાર ભારદીયા (જામનગર)
સુપર વોલ્ગા એન્જિનિયરીંગ વર્કસ ના જયશ્રી કૃષ્ણ



# શ્રદ્ધા સુમન

બા તમારૂ જીવન અમારી પ્રેરણા, તમારા કાર્યો અમારૂં ભવિષ્ય
તથા તમારી શકિત અમારૂં જીવન બની જશે. અમારા અશ્રુની
ધારા તમારા ચરણે અર્પણ કરીએ છીએ. ભુલાઈ જશે બધુ પણ
બા તમો કદી ભુલાશો નહીં આપની પ્રેરણાના ફૂલો કદી કરમાશે
નહીં. પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે
એ જ તમારા પરિવાર ની પ્રાર્થના.

**સ્વ. ગોદાવરીબેન**
**સવજીભાઈ વઘાડીયા**
સ્વ. તા. ૧૧/૧૧/૨૦૨૩

મણીભાઈ સવજીભાઈ વઘાડીયા – પ્રભાબેન મણીભાઈ વઘાડીયા
હસમુખભાઈ સવજીભાઈ વઘાડીયા – સ્વ. નીરૂબેન હસમુખભાઈ વઘાડીયા
ચીમનભાઈ સવજીભાઈ વઘાડીયા – સુશીલાબેન ચીમનભાઈ વઘાડીયા
રસીકભાઈ સવજીભાઈ વઘાડીયા – ગીરાબેન રસીકભાઈ વઘાડીયા
સ્વ. પ્રવીણભાઈ સવજીભાઈ વઘાડીયા
મંજૂલાબેન જગદીશભાઈ વડગામા – જગદીશભાઈ રવજીભાઈ વડગામા
તેમજ વઘાડીયા પરીવારના જય શ્રીકૃષ્ણ – જય વિશ્વકર્મા

VISHWAKARMA VISHAWA (GUJARATI-MONTHLY)
Editor-Publisher-Owner & Printer: Pravin Dayaljibhai Gajjar (Bhadeshia), Printed & Published at Ramy Printers, 'Meghavi', R.M.C. Nagar, Near Jain Boarding, Airport Road, Rajkot-360007. (Gujarat)
**If Undelivered Please Return : રમ્ય પબ્લીકેશન, ૩૨૦-હીરાપન્ના કોમ્પ્લેક્ષ, ડો. યાજ્ઞિક રોડ, રાજકોટ-૩૬૦૦૦૧**